# Gyan Amrit
# જ્ઞાનામૃત

July 2024 - Issue 07
Price 15/-







રાજયોગિની દીદી મનમોહિનીજી
સ્મૃતિ દિવસ - ૨૮ જુલાઇ ૧૯૮૩



HAPPY RATH YATRA
रथयात्रा




શહેરામાં ‘તમાકુ મુક્તિ દિને’ ‘નશા મુક્ત ભારત અભિયાન’માં પ્રતિજ્ઞા કરાવતાં બ્ર.કુ. જયાબેન, PI આર.કે.રાજપૂત, PSI ભ્રાતા ગમારભાઈ, RSS કાર્યકર્તા સાથે બ્ર.કુ. રતનબેન.



બારડોલીમાં ‘વિશ્વ તમાકુ નિષેધ દિવસે’ ST બસસ્ટેન્ડમાં વ્યસન મુક્તિ પ્રદર્શન બાદ ડેપો મેનેજર વીરેન્દ્ર પવાર, ATS ઈકબાલભાઈ ડોલા, આસી. ટ્રાફિક ઈન્સ્પેક્ટર બિપિનભાઈ, બ્ર.કુ. જયશ્રીબેન.




રાજકોટ અવધપુરી સેવાકેન્દ્ર દ્વારા ‘વિશ્વ તમાકુ નિષેધ દિવસે’ આયોજિત રેલીમાં બ્ર.કુ. શીતલબેન, બ્ર.કુ. રીટાબેન, બ્રહ્માવત્સો.




અમરેલી સેવાકેન્દ્રના ગોડલી ગાર્ડનમાં ‘વિશ્વ પર્યાવરણ દિવસે’ વિવિધ છોડનું રોપણ કરતાં બ્ર.કુ. ગીતાબેન, બ્ર.કુ. કંચનબેન.



નવસારીમાં ‘વિશ્વ પર્યાવરણ દિવસ’ના દિવસે વૃક્ષારોપણ કાર્યક્રમ બાદ પર્યાવરણ જાગૃતિના સંદેશ માટે આયોજિત રેલીનું દશ્ય.




ડીસા સેવાકેન્દ્રમાં ‘વિશ્વ પર્યાવરણ દિવસે’ છોડનું રોપણ કરતાં ડૉ. નગીનભાઈ, બાજુમાં બ્ર.કુ. સુરેખાબેન સાથે બ્રહ્માવત્સો.



રાજકોટ ગાયકવાડીમાં વૃક્ષારોપણ કરતાં બ્ર.કુ. જ્યોત્સ્નાબેન સાથે RSS સદસ્ય વાધવાનીભાઈ, વકીલ રાજુભાઈ દવે, પ્લેબેક સીંગર દીપક રાજ, જાદુગર ઉમેશ રાવ, કરુણા ચેનલના માલિક કિશોરભાઈ.



ગાંધીધામ ભારતનગરમાં સાધુવાસવાણી શાળામાં શિક્ષકો સાથે ‘વૃક્ષારોપણ’ કર્યા બાદ પર્યાવરણ સંરક્ષણના સંકલ્પ લેવડાવી સમૂહચિત્રમાં આચાર્ય ભગિની વર્ષાબેન સાથે બ્ર.કુ. સરિતાબેન.

# Gyan Amrit જ્ઞાનામૃત


વર્ષ ૧૭ જુલાઈ - ૨૦૨૪ અંક : ૦૭

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**


## અમૃતસૂચિ


- અવ્યક્ત ફરિશ્તા બનો ..............................તંત્રી સ્થાનેથી...04
- આપણે કદી પણ અંદરથી રેસ્ટલેસ ................દાદી જાનકીજી...06
- આપણે માત્ર કર્મકર્તા નહીં કર્મયોગી .........દાદી હૃદયમોહિનીજી...07
- હવે ઘેર (પરમધામ) પાછા જવાનું છે. ..........બ્ર.કુ. જગદીશચંદ્ર...08
- વૃત્તિઓને કન્ટ્રોલ કરવી તેજ તપસ્યા ..........દાદી પ્રકાશમણિજી...10
- પ્રસન્નતાના પથ પર - ................................બ્ર.કુ. શિવાની...11
- પુણ્યકર્મોનું બળ અને ફળ માનસિક .............બ્ર.કુ. સૂર્યભાઈ...12
- સંગમયુગ - પ્રભુપ્રાપ્તિ અને સદ્‌ભાગ્યનો ..........બ્ર.કુ. કનુભાઈ...13
- અલંકારોને ધારણ કરીને પોતાનું ................બ્ર.કુ. ગીતાબેન...14
- મહાવીર અર્થાત્ અભિમાન અને ..................બ્ર.કુ. ઉષાબેન...15
- મુક્તિ-જીવનમુક્તિ માટે વાનપ્રસ્થ ....................બ્ર.કુ. વિવેક...16
- ભૂરી દાદીજી ...............................................બ્ર.કુ. હેમંત...18
- પણ ..........................................................બ્ર.કુ. જૂનાગઢ...20
- ગીતા જ્ઞાનદાતા કોણ ? ..............................બ્ર.ક. જગદીશ...21
- દિવ્યદર્શન - દીદી મનમોહિનીજી .....................બ્ર.કુ. નંદિની...24
- જગતગુરુ ...................................................બ્ર.કુ. નીતા....26
- શું ગીતા ઉપર સંશોધન જરૂરી છે? ..............બ્ર.કુ. ઈશ્વરભાઈ...28
- વેકેશનની મજા કે મજાનું વેકેશન ...............બ્ર.કુ. અમૃતલાલ...31
- ભાગ્યને અભ્યાસથી વધારો .........................બ્ર.કુ. અનુજ...33
- સંગમયુગની શબ્દાવલી ..............................................34



**2024ના લવાજમના દર**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૩૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૨૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૫.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૬૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૨,૦૦૦.૦૦ |



તંત્રી કાર્યાલયનું બદલાયેલું સરનામું
કૃતિઓ મોકલવાનું સરનામું
**બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ**
તંત્રી : જ્ઞાનામૃત
D-202, સાગર રેસીડન્સી,
PDPU રોડ, જાન્વી ફાર્મ સામે, રાયસણ,
ગાંધીનગર - 382007 M. 99798 99104



**મુદ્રક અને પ્રકાશક**
**ભારતી રણછોડદાસ સોમૈયા**


**-:- વિશેષ નોંધ -:-**

સેવાકેન્દ્ર દ્વારા થયેલ સેવાઓના ઓરીજનલ હાઈ રેઝોલ્યુશન વાળા ચોખ્ખા, વ્યવસ્થિત, યોગ્ય ફોટા સાથે મહેમાનોનું આખું નામ, બરોબર હોદ્દો, કાર્યક્રમની સંપૂર્ણ વિગતો સાથે ગુજરાતી જ્ઞાનામૃતના ઈ-મેલ ઉપર જ મોકલવાના રહેશે. જે અગ્રતા ક્રમે ફોટા મળે, તમામ પ્રકારે ફોટાની ગુણવત્તાના આધારે નાના-મોટા બધા સેવા કેન્દ્રોને યથાયોગ્ય સ્થાન આપવાનો પૂરો પ્રયત્ન રહે છે. જે મોબાઈલથી ફોટા પાડ્યા હોય તે મોબાઇલની ગેલેરીમાંથી જ ઓરીજનલ ફોટા હાઈ ક્વોલિટીમાં ઈ-મેલમાં એટેચ કરવા. તમે whatsappમાં મોકલેલા કે કોઈએ ફોટા પાડીને તમને whatsappમાં મોકલાવેલ અથવા કોઈના ફોરવર્ડ કરેલા ફોટા ક્યારે મોકલવા નહીં. whatsappથી મોકલાવેલા ફોટાની પ્રિન્ટિંગ ક્વોલીટી બરોબર હોતી નથી. જે પ્રકાશનમાં કદાપી લેવાશે નહીં


**જ્ઞાનામૃતના બેંક ખાતાની વિગતો**

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય**

Account No. : **03290100041261** IFSC Code : **BARB0GITAMA**
Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch**

**પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.**
**Phone: 079 - 2532 4460**

**Email :** gyanamrit.guj@gmail.com

## તંત્રી સ્થાનેથી

# અવ્યક્ત ફરિસ્તા બનો

સંગમયુગમાં આધ્યાત્મિક પુરુષાર્થ કરતાં કરતાં બ્રાહ્મણોનો પુરુષાર્થ પોતાની મંઝિલ, અવ્યક્ત ફરિશ્તા બનવા તરફ જાય છે. બ્રહ્માબાપ આપણી સામે શ્રેષ્ઠ ઉદાહરણ રૂપ છે. એક ગીતમાં આવે છે. બાબા કહે છે. 'જ્યારે જ્યારે તમે મને બોલાવ્યો ત્યારે ત્યારે હું આવ્યો. પણ હવે તમે મને ના બોલાવો તમે જ વતનમાં આવો.'

બાબાએ આપણને ફરિશ્તા બનવાનું ગહન, અદ્‌ભુત, અવર્ણનીય જ્ઞાન આપ્યું છે. એટલું જ નહીં પણ બાબા, મમ્મા, વરિષ્ઠ દાદીઓ, દીદીઓ, વરિષ્ઠ દાદાઓને આપણી સામે આદર્શના રૂપમાં મૂક્યા છે.

અવ્યક્ત ફરિશ્તા બનવાનું એટલું સહેલું નથી. તે માટે લાંબા સમયનો તીવ્ર પુરુષાર્થ જરૂરી છે. આપણી સામે ફરિશ્તા બનવાનું લક્ષ્ય છે. તો બાબાએ એનાં લક્ષણો પણ આપ્યાં છે. ફરિશ્તા અર્થાત્ એક બાબા સિવાય કોઈની સાથે સંબંધ નહીં. દેહ અને દેહના સંબંધોથી પણ ઉપરામ એ સૌની વચ્ચે રહેવા છતાં અલિપ્ત તેથી સર્વ મારું મારું બેહદમાં સમાય જાય છે.

ફરિશ્તા અર્થાત્ સદા ઈશ્વરીય યાદ સ્વરૂપ. સર્વગુણો અને સર્વશક્તિઓના ખજાનાથી સંપન્ન. ફરિશ્તામાં નાની નાની વાતોમાં મૂંઝાઈ જવાના સંસ્કાર હોતા નથી. અન્ય વિચારો ઓછા કરે છે પણ જ્ઞાનરત્નોનું ચિંતન કરે છે. તેના સંકલ્પો વ્યર્થના બદલે સમર્થ હોય છે. ફરિશ્તા કદી કર્મ રૂપી ડાળીના બંધનમાં ફસાતા નથી. એને દરેકના મસ્તક પર ચમકતો સિતારો દેખાય દે છે.

ફરિશ્તાના મસ્તક પર દૂર દૂરથી ચમકતી લાઈટ દેખાય દે છે. ફરિશ્તા બનવા માટે એકરસ સૂર્ય સમાન ચમકતા રહેવાનો પુરુષાર્થ કરો. તે વહેતી જ્ઞાન ગંગા બનીને સર્વને ઈશ્વરીય સંદેશ આપી પતિતોને પાવન બનાવવાનો પુરુષાર્થ કરશે. બુદ્ધિ રૂપી વિમાન પર બેસીને સંકલ્પરૂપી સ્વીચ ઓન કરી વતન પહોંચવાનો અભ્યાસ કરો. ફરિશ્તા નિંદા - સ્તુતિ, સુખ-દુ:ખ, ઠંડી-ગરમી, માન-અપમાન વખતે પણ સ્વસ્થ અને પ્રસન્ન રહે છે. તેઓ એવો અનુભવ કરે છે કે આપણે છીએ જ ફરિશ્તા. તે સ્વચ્છ હીરા બનવાનો પુરુષાર્થ કરશે. પરદર્શન, પરચિંતનથી મુક્ત હશે.

એનું ધ્યાન મનસા સેવા પર હશે. હમણાં હમણાં શરીરમાં આવવું હમણાં હમણાં શરીરથી પરે જવું. તે તેના માટે સ્વાભાવિક છે. તે સહયોગીની સાથે સાથે કર્મયોગી પણ બનશે. એના સંકલ્પરૂપી બીજમાં શુભભાવના, કલ્યાણની ભાવના, સર્વને બાપ સમાન બનાવવાની ભાવના હોય છે. તે પોતાની આત્મિક શક્તિથી નિર્બળને પણ બળવાન બનાવશે. ફરિશ્તાના દરેક બોલ ઉમંગ, ઉત્સાહમાં લાવનારા હોય છે. તેનામાં પરોપકારની ભાવના હોય છે. તે પોતાને ગાળો આપનારને પણ ગળે લગાવશે. બ્રહ્માબાબા તેનું આદર્શ ઉદાહરણ છે. તેનામાં કોઈ આત્મા પાસેથી લઈને આપવાની ઈચ્છા હોતી નથી. તે હંમેશા ખુશીનો ખજાનો જમા કરે છે. તે દરેકની વિશેષતાઓને જોશો.

**ફરિશ્તા અર્થાત્ વિકારી દુનિયાના વિકારી વાતાવરણ, વિકારી વાયબ્રેશન વિકારી સ્વભાવ, સંસ્કાર, વિકારી દૃષ્ટિ વા વૃત્તિથી પરે રહેનાર.**

ફરિશ્તા બનવા માટે કર્મબંધનથી મુક્ત બનો. પોતાના અનાદિ દેવતા સંસ્કારોને ઈમર્જ કરો. લાઈટ હાઉસ, માઈટ હાઉસ બનો. જે બાબાને પસંદ છે તેવા જ સંકલ્પ કરો. સર્વ ગુણોના સ્તંભ બનો. **નિરાકારી, નિર્વિકારી, નિર-અહંકારી બનો.** બેલેન્સ દ્વારા બ્લેસીંગ પ્રાપ્ત કરો. રુહાનિયત પૂર્ણ વ્યવહાર કરો. વરદાની બનો અને સાક્ષી અવસ્થામાં રહો.

વિસ્તારને બિંદુમાં સમાવી સમાવવાની અને સમેટવાની શક્તિ ધારણ કરો. નિર્માણ બનો અને સર્વને સન્માન આપો. અંતર્મુખતાની સાથે રમણિક બનો. વિશ્વ સેવાધારી બનો. જ્યોતિની કાયાવાળા બનો. સદા એવરરેડી રહો. બાપ પાસેથી જે મેળવ્યું છે તે સૌને આપવાનું છે. સર્વ સાધનો અને પ્રાપ્તિઓ હોવા છતાં ત્યાગવૃત્તિમાં રહો.

દરેક કર્મને ચરિત્ર બનાવો. સ્થિતિ અચલ, અડોલ, એકરસ રાખો. માસ્ટર સર્વશક્તિવાનની સ્થિતિ ધારણ કરો. ઉદારદિલ બનો. દેહમાં રહેવા છતાં વિદેહી બનો. સદા ખુશીનો ખોરાક ખાતા રહો. બાપ અને અન્ય આત્માઓની દુઆઓ લો. ટેન્શન મુક્ત બનીને સદા પ્રસન્નતાથી સેવામાં વ્યસ્ત રહો. તન, મન, ધન, સંબંધ, સંપર્કના બોજથી હળવા બનો. સદા વિઘ્નવિનાશક સ્થિતિમાં રહો. સર્વ જવાબદારીઓ બાબાને સોંપી બોજામુક્ત બનો. સર્વશક્તિઓને સ્નેહથી ઈશ્વરીય કાર્યોમાં સફળ કરો. સદા એક બાબાના જ બળ અને ભરોસા પર રહો. ડ્રામાને યથાર્થ રીતિથી સમજો. ફરિશ્તાપણાના ફીચર્સ ધારણ કરો. મનસા નિરાકારી, વાચામાં નિર-અહંકારી અને કર્મણામાં નિર્વિકારી સ્ટેજ બનાવો. આપણને અવ્યક્ત ફરિશ્તા બનવા માટે અખૂટ ખજાનો આપ્યો છે. સેવાકેન્દ્ર, ઈશ્વરીય પરિવાર અને મધુવનવાસી બનીને રિફ્રેશ બનવાની અનેક સુવિધાઓ આપી છે. તો આપ સૌ લાંબા સમયના તીવ્ર પુરુષાર્થથી અવ્યક્ત ફરિશ્તા બનો તેવી અંતરમનની શુભકામનાઓ.

॥ ૐ શાંતિ ॥

- બ્ર.કુ. કાલિદાસ

(પેજ નં. 17નું અનુસંધાન)...મુક્તિ જીવનમુક્તિ **પુરુષાર્થ થકી સર્વને મુક્તિ - જીવનમુક્તિનો વારસો મળી જશે, સૌનું કલ્યાણ થશે'.**

એ જ વાતનું પુષ્ટીકરણ હિન્દુ મહાકાવ્ય મહાભારતના શાંતિ પર્વમાં પણ જોવા મળે છે. હિન્દુ મહાકાવ્ય મહાભારત શાંતિ પર્વ જણાવે છે કે 'હે યુધિષ્ઠિર **(કર્મક્ષેત્રે-ધર્મક્ષેત્રે સ્થિર બુદ્ધિવાળા)**, જે રાજા **(સ્વરાજ્ય અધિકારી)** પોતાની શક્તિ પ્રમાણે પોતાના સ્વજનો અને મિત્રોને સંકટમાંથી **(આધિ-વ્યાધિ-ઉપાધિ માંથી)** બચાવે છે, તે વાનપ્રસ્થ જીવનનો હેતુ સિદ્ધ કરે છે. તે રાજા **(સ્વરાજ્ય અધિકારી)** જે દરેક પ્રસંગે પુરુષોમાં **(આત્માઓમાં)** શ્રેષ્ઠનું સન્માન કરે છે, તે વાનપ્રસ્થ જીવનનો હેતુ પ્રાપ્ત કરે છે. હે પાર્થ, તે રાજા **(સ્વરાજ્ય અધિકારી)**, જે દરરોજ મનુષ્ય સહિત તમામ જીવોને **(સર્વ મનુષ્યાત્માઓને)** પ્રસાદ ( **ગુણ, શક્તિ રૂપી પ્રભુ-પ્રસાદ** ) અર્પણ કરે છે **(મનસા સેવા થકી આપે છે)**, તે વાનપ્રસ્થ જીવનના ઉદ્દેશ્યને પ્રાપ્ત કરે છે. તે રાજા **(સ્વરાજ્ય અધિકારી)**, જે સદાચારીઓના રક્ષણ માટે બીજાના રાજ્યને **(રાવણ રાજ્યને)** ખત્મ કરે છે, તે વાનપ્રસ્થ જીવનનો હેતુ પ્રાપ્ત કરે છે. જે રાજા **(સ્વરાજ્ય અધિકારી)** પોતાના રાજ્યની રક્ષા કરવા અથવા મૃત્યુ **(મરજીવા જીવન)** પામવાના નિશ્ચય સાથે **(માયા રાવણ સામે)** યુદ્ધમાં જોડાય છે તે વાનપ્રસ્થ જીવનના ઉદ્દેશ્યને પ્રાપ્ત કરે છે.'

॥ ઓમશાંતિ ॥

### અમૃતધારા

# આપણે કદી પણ અંદરથી રેસ્ટલેસ બનવાનું નથી

## રાજયોગિની દાદી જાનકીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



અત્યારે આપણે અંદરથી ડીપ પુરુષાર્થ કરીને પોતાના સંકલ્પોમાં શાંતિ લાવવાની છે. પ્રેમ સંપન્ન બનવાનું છે. જ્ઞાન કહે છે કે અંદરની ખુશી હોય, શક્તિ હોય. પોતાના જ સંકલ્પોની ગહનતામાં જાઓ તો યુધ્ધના સંસ્કાર સમાપ્ત થઈ જશે કોઈ કારણ બને છતાં પણ વિજયી બનો, યોદ્ધા ના બનો. હવે નાની નાની વાતોને મોટી બનાવીને લડતા -ઝઘડતા રહેશો નહીં. સંકલ્પોને શુદ્ધ અને શાંત રાખવાની ટેવ પાડો.

બ્રાહ્મણ છું, સ્વદર્શન ચક્રધારી છું તો સંકલ્પ ધીરે ધીરે ચાલશે. જરૂરી કામના જ સંકલ્પ આવશે. નહીં તો શાંત રહેશે. અંદરના પુરુષાર્થમાં શાંત રહો તો સંકલ્પોને નિયંત્રિત કરી શકશો. અંદરની શાંતિ આપણી જડોમાં ચાલી જાય, મારામાં જરાય પણ અશાંતિ ના હોય.

સંકલ્પોમાં જો શુદ્ધિ, શાંતિ રહેશે તો તે વાયબ્રેશન પહોંચશે. કલહવાળા નહીં હોય. મિલનસાર રહેશે. પ્રસન્નતા પણ એવી હશે, જેથી ખુશ થઈ જશો. જો ખુશી અંદર ચાલી જશે તો ફળ સારું નીકળશે. જેને કહેવાય છે સફળતા. ચાહે સંકલ્પમાં વાણીમાં, ચાહે કર્મમાં, સંબંધમાં, વાણીમાં, ચાહે કર્મમાં, સંબંધમાં સફળતા મળશે. એ રીતે અંદર અંદર પોતાના સંકલ્પોની ઉત્પત્તિ શાંતિવાળી હોય. સ્નેહવાળી હોય. કંઈક કામના સંકલ્પ હોય, સારી વૃત્તિથી સારાં વાયબ્રેશન ફેલાવે.

બાબાના એક બોલ સદા યાદ રહે છે. સી (જુઓ) ફાધર ફોલો ફાધર. આ આંખો બાબાને જોવા માટે છે. જો આંખો અહીં તહીં જશે તો ફોલો કરી શકીશું નહીં. મને અંદર લગન છે ઈચ્છા છે માત્ર ફોલો ફાધર કરવાની. યોગ શિવબાબા સાથે લગાવવાનો છે પણ ફોલો બ્રહ્માબાબાને કરવાના છે. આ બાબા કઈ રીતે કર્મ કરી રહ્યા છે. સ્થાપનાનું આટલું મોટું કાર્ય છે છતાં પણ એમને કોઈ જવાબદારીઓ થકાવતી નથી. આપણી જવાબદારી છે આપણી સ્થિતિને સારી રાખવાની.

દરેક વાતમાં બાબાને જુઓ. બાબા પત્ર લખી રહ્યા છે તો કહીશું બાબા લખી રહ્યા છે. બાબા ભંડારામાં જતા તો કહેતા બાબાના ભંડારામાં જઈ રહ્યો છું. તો બ્રહ્માબાબાને સદા એ યાદ રહ્યું કે આ શિવબાબાનો યજ્ઞ છે. કદી મારો કહ્યું નથી. જ્યારે મારો કહીએ છીએ ત્યારે જ ભૂલ થાય છે. મારા પણું ભારે બનાવે છે. મારાપણાનું અભિમાન થકવી દે છે. અત્યારે આપણે કદી પણ અંદરથી રેસ્ટલેસ થવાનું નથી.

બાબા કોઈની ખામી જોતા નથી કે સંભળાવતા નથી. માત્ર પોતાનું કામ કરે છે. બાબા બાળકોને પણ યાદ અપાવે છે કે બચ્ચે, વિનાશના પહેલાં સતયુગી રાજધાની બનાવવાની છે. આ પુરાણી દુનિયા ખત્મ થયેલી પડી છે. માત્ર આપ બચ્ચે, તૈયાર થઈ જાઓ.

॥ ઓમશાંતિ ॥

# આપણે માત્ર કર્મ કર્તા નહીં કર્મયોગી બનવાનું છે

રાજયોગિની દાદી હૃદયમોહિનીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુ રોડ



કેટલાક આત્માઓ કહે છે જેટલો સમય આપણે યાદમાં રહેવા ઈચ્છીએ છીએ તેટલો સમય યાદ રહેતી નથી. તો બાબા કહે છે બે વાતો પોતાના મનમાં જરૂર યાદ કરો કે બાબા એ ક્યાંથી ક્યાં બનાવ્યા છે. અને શું શું આપ્યું. તો પ્રાપ્તિ કરાવનાર બાબા કદી ભૂલતા નથી. કાલે શું હતા આજે શું બની ગયા? એનું લાંબુ લીસ્ટ બનાવીને સામે રાખો તો યાદ કરી ભૂલી શકતા નથી. પ્રાપ્તિઓને યાદ કરવાથી ખુશી મળશે. સતયુગમાં જેટલી પ્રાપ્તિ થતી નથી તેટલી સંગમયુગમાં આપણને બાબા પાસેથી થાય છે. સંબંધ પણ મળે છે, સંપત્તિ પણ મળે છે. આ સમયના મહત્ત્વને જાણો. આ સમય રૂપી ખજાનાને વિધિપૂર્વક કાર્યમાં લગાઓ તો જમાનું ખાતું વધશે. એ રીતે આપણે માસ્ટર સર્વશક્તિવાન છીએ. તો શક્તિઓને જ્યારે અને જેવી રીતે કામમાં લાવીએ છીએ તેટલું તેનું મહત્ત્વ વધતું જશે. જે શક્તિને આપણે ઓર્ડર કરીએ તે શક્તિ હાજર થઈ જાય. એને કહેવાય છે માસ્ટર સર્વશક્તિવાન. જો કોઈ ચીજ સમય પરકામમમાં આવતી નથી તો તે ચીજ હોવા છતાં શો ફાયદો?

તો ચેક કરો શ્રેષ્ઠ સંકલ્પ દ્વારા વ્યર્થ સમાપ્ત થઈ જાય છે? કારણ કે વ્યર્થ ઘણું ઝડપથી નુકસાન કરે છે. જો વ્યર્થ ચાલતું હોય તો હું માસ્ટર સર્વ શક્તિવાન શાનો ? પરિવર્તનની શક્તિ જો સમય પર કામમાં આવતી નથી તો હું માસ્ટર કઈ રીતે છું. તો આ અભ્યાસ કરવાનો છે. બાબાએ તો ઈશારો આપ્યો છે કે કોઈ પણ સમયે કોઈનું અચાનક ગમે તે થઈ શકેછે. તો અચાનક શબ્દને યાદ રાખીને એવરરેડી બનીને તૈયાર રહો. નહીંતર પછી તો બાબાએ બોલાવ્યા અને ચાલ્યા ગયા એવું થશે તો આવા એવરરેડી બાબા સૌને બનાવે છે. બાબા આપણી પાસે જે ઈચ્છે છે તે બાળકોએ કરવાનું છે. આ ધારણાથી તો મમ્મા નંબર વન બની ગયાં. આપણે માત્ર કર્મ કર્તા જ નહીં પણ કર્મયોગી બનવાનું છે. દુનિયામાં તો કર્મ કર્તા બહુ છે. કર્મયોગી બનીને કર્મ કરવું અર્થાત્ કર્મને એકાગ્રતાથી કરવું. એકાગ્રતા અર્થાત્ યોગ. યોગમાં રહીને કર્મ કરવાથી કર્મ શ્રેષ્ઠ બનશે, સફળ બનશે. યોગીજીવનની આદત પણ પાક્કી થઈ જશે. તો મનની એકાગ્રતાથી બાબાને યાદ કરતા રહો અને હાથોથી કર્મ કરતા રહોતો અંતિમ પેપરમાં પાસ થઈ જશો. બાપ સમાન બની જશો. તો દિલથી કહો બાબા, તો ચહેરો એકદમ ખીલી જશે. આવી અવસ્થા આપણી બનાવવાની છે. તો બાબાને આવો ખુશ કિસ્મતવાળો ખુશનુમા ચહેરો બતાવશો ને?

**॥ ઓમશાંતિ ॥**

**(પેજ નં. 10નું અનુસંધાન)... વૃત્તિઓને કંટ્રોલ**

આપને બાબાની મદદ મળશે. એવું ના વિચારો કે રોજ રોજ રાંધવાનું. રોજ સંગમયુગ થોડો આવવાનો છે. જેટલા તપસ્વી બનશો એટલા ધન્ય બનશો. કર્મેન્દ્રિયોને વશ કરવી તે જ તપસ્યા છે. અતીન્દ્રિય સુખના રસમાં રહો.

**॥ ઓમશાંતિ ॥**

# હવે ઘેર (પરમધામ) પાછા જવાનું છે

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી



આજે આપણે જ્યારે કોઈ મનુષ્યના સંપર્ક-સંબંધમાં આવીએ છીએ, તો આપણે એ જોઈએ છીએ કે તે કેટલાય પ્રકારની સાંકળોથી બંધાયેલો છે. એનાથી પણ તે વધારે બંધનોમાં પડ્યો છે. સાંકળોથી બંધાયેલો મનુષ્ય કદી ઈચ્છે તો સ્વતંત્ર ચિંતન તો કરી શકે છે તો જેને ચિંતનને જ સાંકળો લાગેલી છે તે વૈચારિક સ્વતંત્રતાથી વંચિત તે વ્યક્તિ એવો કેદી છે કે જેની તુલના ના થઈ શકે. આજે મનુષ્યની આવી જ સ્થિતિ છે. તે કેટલાયે પ્રકારના લગાવ, ઝુકાવ યા મતભેદની જંજીરોમાં બંધાયેલો છે. એના વ્યવહાર અને વાણીથી એ ઝલક મળે છે કે તે કોઈ બંધનમાં બંધાઈને વાતચીત યા વ્યવહાર કરે છે. એવું લાગે છે કે એના દિમાગ પર કોઈ સવાર છે. એને ગધેડા, ઘોડા, ખચ્ચર યા ઊંટ બનાવીને કોઈ ચલાવી રહ્યું છે. કોઈનું મન કોઈ વસ્તુ રૂપી ખૂંટે બંધાયેલું છે. બંધાયેલ હોવાને કારણે તે ત્યાંથી આગળ જઈ શકતો નથી. તો અન્ય કોઈ દેહધારીમાં એનું મન અટક્યું છે. તે પણ આ દલદલ (કીચડ)માંથી બહાર નીકળી શકતો નથી. ક્યારેક એને ક્ષણભર લાગે છે કે આ વ્યર્થ છે, લગાવ - ઝુકાવ તોડવામાં જ મારી ઉન્નતિ છે પણ જે વ્યક્તિ યા વસ્તુ એના ઉપર સવાર છે. તેથી તેના બંધનોથી છૂટી શકતો નથી.

મનુષ્યે નષ્ટોમોહઃ નો આદેશ ઉપદેશ તો સાંભળ્યો છે. વિચારક, પ્રચારક તથા સુધારક લોકો એનો પાઠ ભણાવવામાં લાગેલા છે પરંતુ વાસ્તવમાં મનુષ્ય મોહ-માયાને નષ્ટ નથી કરી રહ્યા પણ મોહ-મમતા એમને નષ્ટ કરી રહી છે. કોઈને કોઈ વ્યક્તિમાં મોહ નથી તો મહિમા અને પદવીમાં મોહ છે. અન્ય કોઈનો ઘર અને પરિવારમાં મોહ નથી તો પોતાના આશ્રમ અને શિષ્યોમાં મોહ છે. રાજા જનકના દરબારમાં એકત્રિત સંન્યાસીઓની જેમ કોઈને પોતાની લંગોટી, લાકડી, અંગ વસ્ત્રો અને ખેસમાં મોહ છે. આ મોહે તો મનુષ્યનો વિવેક જ નષ્ટ કરી દીધો છે. જેને લીધે તે એકનો પક્ષપાત કરે છે અને બીજાને અન્યાય કરે છે. એને બતાવવા છતાં મોહ મમતાના ફંદાથી છૂટી શકતો નથી.

આજે 'લોકસેવા'નું નામ લઈને પણ લોકો પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવામાં લાગેલા રહે છે. તે કદાચ ધન, દોલત એકઠું ના પણ કરે છતાં પણ સત્તા, સ્થાન અને કીર્તિના પ્રલોભનમાં તો પડેલા જ છે. અધિકારના અહંકારમાં તો એમને મજા આવે છે. જેના ફલ સ્વરૂપે તેઓ બીજાને મજા ચખાડે છે. તન, મન, ધનથી સહાયતા લેનાર, યોગથી સહયોગ લેનારા, કર્મઠ બનીને નક્કર સેવા કરનાર તો બીજા લોકો હોય છે. પરંતુ યશની ઈચ્છાવાળા લોકો 'લોકસેવા'નો નારો લગાવીને, માન-શાન અને સાધન-સામગ્રીની મોહની સીડીથી અહંકાર પર પહોંચી અંધકારમાં પડી જાય છે. દરેક વર્ગ, દરેક ક્ષેત્રમાં આવા ઘણા લોકો હોય છે જેઓ બીજાઓ દ્વારા કામ કરાવીને પૈસા અપાવીને નામ અને ઈનામ મેળવે છે. એમના દ્વારા સત્તા મેળવીને એમના ઉપર જ સત્તા ભોગવે છે.

## ઈચ્છાઓના ગુલામ

એ રીતે વ્યક્તિના મનમાં અગણિત

ઈચ્છાઓ અને તૃષ્ણાઓ છે. એને કારણે તે વિચારોના પુલો બનાવે છે. તે એમજ પોતાની ઈચ્છાઓના ગુલામ બનીને સ્વયંને છકાવી દે છે અને પોતાના જીવનના મૂલ્યવાન ક્ષણ રૂપી હીરા-મોતી ગુમાવી દે છે. અંતમાં જ્યારે એનું શરીર ચેતના વિહીન થઈને લાકડાની અર્થી પર પડ્યું હોય છે ત્યારે તેને જીવનભર કરેલા કુકર્મો, ખેલ, તમાશા એ સૌ યાદ આવે છે. એને જે લોકો હેરાન, પરેશાન, નાદાન અને બેવકૂફ બનાવનાર હતા તે કહે છે, 'રામનામ સત્ય હે' 'સત્ય બોલો એજ ગતિ છે.' કહીને દેખાડાનો વિલાપ કરે છે આવું જાણવા છતાં ઈચ્છાઓના બેલગામ ઘોડા ઉપર ચઢવાનું છોડતા નથી.

## લફરાઓથી આઝાદ

ધન્ય છે એ લોકો જેની બુદ્ધિ આ લફરાઓથી મુક્ત છે. એમનું જ જીવન ઘણું હલકું અને સુખમય હોય છે. તેઓ જ સર્વ પ્રકારની ગુલામીની જંજીરોથી છૂટેલા હોય છે. તેઓ કોઈના દબાણ, લગાવ, ઝુકાવ અને ધમકીના પ્રભાવમાં ન આવીને પોતાની વૈચારિક સ્વતંત્રતાના માલિક હોય છે. અને સ્વયં પરમાત્માએ જણાવેલ માર્ગ પર અટક્યા વિના ચાલે છે. એમનું જીવન સાચા અર્થમાં 'અંતઃ સુખાય'-'બહુજન હિતાય' હોય છે.

## હવે ઘેર જવાનું છે

જ્ઞાન તો અગાધ છે પણ ચાર શબ્દોમાં તેનો સાર સમાયેલો છે - 'હવે ઘેર (પરમધામ) જવાનું છે.' એમાંથી અબ (હવે) શબ્દ સમયનો ઘર શબ્દ સ્થાન અથવા ઠેકાણાની અને ચલના (ચાલવું) શબ્દ પુરુષાર્થ અર્થાત્ લક્ષ્યનો તથા ગતિનો અને હૈ શબ્દ સ્મૃતિ, સ્વીકૃતિ, નિશ્ચય અને અસ્તિત્વનો વાચક છે. 'ઘર' એ છે જ્યાં શિવબાબા રહે છે. અને જ્યાંથી આપણે આત્માઓ અહીં પરદેશમાં આવ્યા છીએ. તેથી આ શબ્દથી આત્મા, પરમાત્મા અને પરલોકની સ્મૃતિ આવશે. શિવબાબાની યાદ કાયમ રહેશે. નિરાકારી સ્થિતિ બનશે. પગ પૃથ્વી પરથી ઉંચા ઉડી જશે એ આત્મા ફરિશ્તા બનીને ઉડતી કલામાં ચાલી જશે તથા સ્વયંને પ્રકાશ લોકમાં લાઈટ અનુભવશે. એનાથી એની સ્થિતિ કર્માતીત બની જશે. 'અબ' શબ્દની સ્મૃતિથી વીતેલી વાતોને વીતી ગયેલી સમજીશું. 'ઘર'ની સ્મૃતિથી વિકારી દુનિયાને ન જીતી સમજીશું. 'અબ' શબ્દના પ્રભાવમાં પાછળના સંસ્કારોને એક બાજુ મૂકીને, હવે આપણે જે કંઈ કરવાનું છે. એ વાત વિચારીશું. 'અબ' શબ્દની યાદ આવતાં કામને ટાળવાનું છોડી દઈશું. આજે કરવાના કામને કાલ ઉપર છોડીશું નહીં. પણ આ ક્ષણથી જ કરવાનું શરૂ કરીશું. 'ચલના હૈ' શબ્દથી આળસ અને અલબેલાપણું ભાગી જશે. આપણે કર્તવ્ય કર્મ કરવામાં લાગી જઈશું. અને સમયરૂપી ધનને વ્યર્થ ના ગુમાવતાં આપણે જ્ઞાનધન અને યોગબળ મેળવવામાં લાગી જઈશું. 'હૈ' શબ્દથી આપણે નિશ્ચયબુદ્ધિ બનીશું. આ પ્રકારના નિરંતર પુરુષાર્થથી આપણી અવસ્થા કર્માતીત, બિંદુ સ્વરૂપ અથવા બીજરૂપ બની જશે. શક્તિશાળી બની જશે.

॥ ઓમશાંતિ ॥

- **દરેક પળે, દરેક ખજાનાને સફળ કરીને સફળતાની ખુશી અનુભવ કરનારા સફળતામૂર્ત ભવ.**
- **ખુશનસીબ આત્મા એ છે જેના સંકલ્પમાં પણ દુઃખની લહેર આવતી નથી.**
- **ખુશીના ખોરાક દ્વારા મન અને બુદ્ધિને શક્તિશાળી બનાવનારા અચલ - અડોલ ભવ.**
- **ખુશીમા રહેવું એ જીવન જીવવાની કળા છે.**

# વૃત્તિઓને કન્ટ્રોલ કરવી તે જ તપસ્યા છે

## રાજયોગિની દાદી પ્રકાશમણિજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



ઈશ્વરીય મર્યાદા આપણા જીવનનો ઓર્ડર છે. બાકી કોઈ ઓર્ડર નહીં. એમાં પોતાની રુહાનિયતમાં મસ્ત જેવા રહો, મારા એક બાબા, એજ મસ્તીમાં મસ્ત રહો. આ કંગન ઘણું મજબૂત બાંધેલું હોવું જોઈએ. હું જ્યારે આ બોલું છું ત્યારે લાગે છે કે આ બહુ કઠણ છે. પછી બુદ્ધિ ગંધર્વ વિવાહ તરફ જાય છે. પણ જેમણે ગંધર્વ વિવાહ કર્યા તેઓ આજે આંસુ વહાવી રહ્યા છે. રડી રહ્યાં છે. એટલે કદી પણ આવો સંકલ્પ ના આવે. એવું નહીં કે સાથી જોઈએ. મરવું તો પૂરું મરવું. આપણે બાબાની ગોદીમાં જીવવાનું છે. દુનિયાથી આપણે મરી ગયા. ખાવાની પહેરવાની, ઊંઘવાની સર્વ ટેવો ચાલી ગઈ. ત્યાગ અર્થાત્ ત્યાગ. જેણે ઊંઘનો ત્યાગ કર્યો તેણે સર્વનો ત્યાગ કર્યો. અમૃતવેળા 3.30 કલાકે મીઠી ઊંઘ આવે. બાબા કહે છે બાળકો, ઉઠો. એટલે હંમેશા બાબા કહે છે બેહદના વૈરાગી બનો. જેટલા વૈરાગી એટલા યોગી.

સેવા તો આપ લોકો કરી જ રહ્યા છો. જે કંઈ છે તેને સફળ કરતા રહો. કાલની કોને ખબર છે? જેટલી બુદ્ધિમાં સેવા છે તેટલું મહાન ભાગ્ય છે. પરંતુ સેવામાં જોશની સાથે હોશ પણ જોઈએ. લૌકિકને પણ થોડું ચલાવવું તે ઠીક રહે છે. નહીં તો સર્વીસમાં ડીસ સર્વીસ થઈ જાય છે. જેટલી સેવામાં વૃદ્ધિ થાય તેટલું સારું છે. લેખો લખો, સંવાદ લખો, અનુભવ લખો. કલાકાર બનો. કોઈને કોઈ કાર્યમાં બુદ્ધિ જોડાયેલી રહે. સર્વ કળાઓ શીખો જે સમયે કામમાં આવશે.

જો સેવામાં ફોર્સ છે તેનું કારણ કુમારો છે. કારણ કુમારો સેવામાં પોતાના તન, મન, ધન લગાવે છે. સર્વ સેવાકેન્દ્રોના આ સમાચાર છે. આપ સર્વ કુમાર ચિંતાઓથી મુક્ત છો? કુમાર-કુમારી અર્થાત્ સંગમમાં જીવનમુક્ત. કોઈ બંધન નહીં. વૃત્તિમાં મારા બાબા, વાયુ મંડળ, વાયબ્રેશન માત્ર બાબાના બને કલ્યાણની ભાવના છે. જીવન છે બાબાની સેવામાં. આપણે સૌ દુનિયાના વાયુમંડળથી મુક્ત છીએ. આપણે દુનિયાને બાબાના વાયુમંડળમાં બાંધીએ છીએ.

આપ સૌ સો ટકા ભાગ્યશાળી છો. આપ સર્વને સેવા માટે બાબાએ પોતાની ભુજાઓ બનાવ્યા છે. આપ સર્વ સમર્પિત છો. જો આપ ધનથી સેવા ના કરતા તો સેવા આગળ વધતી નહીં. એવું ના વિચારો કે બાબાએ એમને નોકરીના બંધનથી બાંધ્યા છે. આપ ધનથી સહયોગ ના આપો તો સેન્ટર કઈ રીતે ચાલે? આપનું સર્વ - તન, મન, ધન બાબા પ્રતિ છે. દા.ત. આપ 100 કમાઓ તો 25 રૂપિયા માબાપને આપો. 25 રૂપિયા પોતાના માટે રાખો. પચાસ રૂપિયા બાબાના યજ્ઞમાં આપો. દુનિયા ગંદી છે આપણે ગંદી દુનિયામાં રુહાનિયતથી રહેવાનું છે. કારણ કે બાબાના યજ્ઞ માટે કમાઈ રહ્યો છું. લૌકિક મા બાપે મારી પાલના કરી છે તો એમને પણ પણ ધનથી સહયોગ આપવો તે મારી ફરજ છે.

જે કુમાર સ્વયં પોતાના હાથે ખાવાનું બનાવે છે એમને તો હું મારાથી પણ મોટા માનું છું. આપ ધન્ય છો. સૂકી રોટલી ખાઈને પણ જીવો છો તો

(અનુસંધાન પેજ નં. 07 પર)

### પ્રસન્નતાના પથ પર

# ઓલ ઈઝ વેલ

## બોલવું એ મનને ઠીક કરવાની દિશાનું પહેલું પગલું છે

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા



આજે આપણે આપણા જીવનમાં બદલાવ લાવવાનો છે. તો બોલવાની પદ્ધતિમાં બદલાવ લાવવો પડશે. જો ડરને સામાન્ય માનીને ચાલશો તો ડરને દૂર કરવાનો પુરુષાર્થ કરી શકશો નહીં. કદી કોઈને એવું ના કહો કે ડર સામાન્ય છે. ડર વાસ્તવમાં ભાવનાત્મક કમજોરી છે. આપણે કમજોરીને જ સામાન્ય કહેવા લાગ્યા છીએ. વાત કરવાનો આ યથાર્થ માર્ગ નથી.

આપના જીવનમાં જો ચડતી પડતી થઈ રહી હોય છતાં પણ પરમાત્માનો આભાર માનો. આપ પોતાના દિલથી માત્ર આભાર શબ્દ બોલો. દિલમાં કૃતજ્ઞતાનો ભાવ પ્રગટ કરો. આ ઘણી ઊંચી ઉર્જાવાળો શબ્દ છે. જો આપણે ફરિયાદ જ કરતા રહીશું તો આત્માની બેટરી ડાઉન થઈ જશે. એક ફીલ્મમાં સંવાદ હતો 'ઓલ ઈઝ વેલ'. અર્થાત્ સર્વ કાંઈ સારું થઈ જશે. આ બાબતને ગહનતાથી સમજવી પડશે. બહારની પરિસ્થિતિ ભલે અનુકૂળ ના હોય, કોઈ વાત નહીં પણ પહેલાં પોતાના મનને ઠીક કરી લો. 'ઓલ ઈઝ વેલ' બોલવું એ મનને ઠીક કરવાની દિશામાં પહેલું પગથિયું છે. જ્યારે પોતાની મનની સ્થિતિ ઠીક છે તો કઠણ પરિસ્થિતિમાંથી નીકળવું સરળ થઈ જાય છે.

કોઈની નિંદા કરવી એ સામાન્ય વાત નથી. લોકોની પ્રશંસા કરવી, એમને પ્રેરિત કરવા તે સારું આચરણ છે. કદી કોઈ બાળક સામે એવું ના બોલશો કે આ ચીજ આપની અંદર ઠીક નથી. ખોટી છે. આપ એની વિશેષતાઓ વિશે જણાવો. લોકો વિશેષતાઓ જણાવતા નથી. કમજોરીઓ પહેલાં સંભળાવી દે છે. જ્યાં સુધી આપણે એની વિશેષતાઓ નહીં જણાવીએ ત્યાં સુધી એનામાં વિશ્વાસ અને ઉર્જા પેદા કરી શકતા નથી. ત્યાં સુધી એ કમજોરીને ઠીક કરી શકતા નથી. એમની પાસે શક્તિ આવશે નહીં. આપણે એક લીટીમાં પ્રશંસા કરીને વાતને સમાપ્ત કરી દઈએ છીએ. પરંતુ એની ભૂલો વધારી વધારીને સંભળાવીએ છીએ. જ્યારે આપ કોઈના ગુણ યા એની વિશેષતાઓ વિશે જણાવીએ છીએ તો આપ સામેવાળી વ્યક્તિમાં ઉચ્ચ ઉર્જાનો સંચાર કરો છો. આપ સ્વયંમાં પણ તે ઉર્જાનું ઉચ્ચ સ્તર જન્માવો છો. આ પ્રક્રિયામાં આપે આપની બેટરીને ચાર્જ કરી દીધી પરંતુ આપણે કહ્યું આપ બાકી બધા વિષયોમાં ઘણા સારા છો પણ આ વિષયમાં સમસ્યા છે. આ સાંભળીને એની બેટરી ડાઉન થઈ જાય છે. અહીં કહેવામાં ફરક દેખાઈ આવે છે. અપેક્ષા રાખવી એ ઇમોશનલ ઇલનેસ છે. સ્વીકાર કરવો એ ઇમોશનલ હેલ્થ છે. બીજાને દુઃખ પહોંચાડવું એ ઇમોશનલ ઇલનેસ છે. પણ પ્રશંસા કરવી એ ઈમોશનલ હેલ્થ છે. સમગ્ર દિવસમાં કોઈએ એવો વ્યવહાર કર્યો જે આપણને પસંદ નથી છતાં પણ રાત્રે સૂતા પહેલા એને ક્ષમા કરી દો.

**॥ ઓમશાંતિ ॥**

# પુણ્યકર્મોનું બળ - ફળ માનસિક રોગોમાંથી મુક્તિ અપાવશે

બ્ર.કુ. સૂર્ય, જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ



આપણે ચર્ચા કરી રહ્યા છીએ માનસિક રોગોની. જેનો સંસારમાં કોઈ ઈલાજ જ નથી. ડોક્ટર્સ આપણને જણાવે છે કે અમે માનસિક રોગોને થોડું ઘણું અટકાવી શકીએ છીએ પણ પૂરા ક્યોર (મટાડી) શકતા નથી. ખરેખર આ સંસારને આધ્યાત્મિક શક્તિની ઘણી જરૂર છે.

આપણે ખુશ રહી શકતા નથી. આપણને કોઈ મતલબ વગરનો ડર રહ્યા કરે છે. કોઈ સારું કાર્ય ઈચ્છીએ છતાં કરી શકતા નથી. તો આજે હું આપની સામે એક સિક્રેટ પણ રાખવા જઈ રહ્યો છું. જેને સંસારમાં કોઈ જાણતુંનથી. આપ કહેશો કે તમે જાણોછો શું? ના ભગવાને અમને સૌને જ્ઞાન આપ્યું છે એમણે જ આ ગુહ્ય રહસ્ય જણાવી દીધું છે કારણ કે હવે કલ્પનો અંત સમય આવી ગયો છે.

સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ, કલિયુગ આ ચારે યુગને મેળવીને કલ્પ કહેવાય છે. આ ચારે યુગ સદા ચાલતા રહે છે. પાંચ હજાર વર્ષનુંઆ કલ્પ છે. દરેક યુગ 1250 વર્ષનો છે. કલિયુગ પછી સતયુગ આવેછે. પણ સતયુગમાં મનુષ્ય દેવતા હોય છે. અને જન્મ લેતા લેતાં એમનું દેવત્વ નષ્ટ થઈને દ્વાપરયુગમાં તેઓ મનુષ્ય તરીકે ઓળખાય છે અને કલિયુગના અંત સુધી તેની હાલત બહુ બગડી જાય છે. નૈતિકતા, ચરિત્ર બિલકુલ સમાપ્ત થઈ જાય છે. પવિત્રતાને તો મનુષ્ય બિલકુલ ભૂલી જ જાય છે. તો એવામાં ભગવાન સ્વયં આવીને સત્યજ્ઞાન આપે છે અને ફરીથી આપણને શક્તિશાળી બનાવી દે છે. 100 ટકા પવિત્ર બનાવી દે છે. પોતાની સાથે પરમધામ લઈ જાય છે.

કેટલાયે માનસિક રોગોનું જે પહેલું કારણ છે. એના તરફ હું આપનું ધ્યાન ખેંચાવું છું. તે છે કામ-વાસનાની ફીલીંગ. જે ઘણી વધારે થઈ ગઈ છે, મનુષ્યોના મનમાં એમના શરીરમાં એમનાં મન-બુદ્ધિ બ્રેઈન સર્વમાં આવી ગઈ છે. એમનાં શરીર કમજોર થઈ ગયાં છે. મનોવૈજ્ઞાનિકોએ પોતાની અર્થ (ધન) ખોજના આધાર પર એ ખોટો સિદ્ધાંત બનાવી દીધો કે કામવાસનાએ ખૂબ છે. એને તો તૃપ્ત કરવી જ પડે. તૃપ્ત કરવાના નામ પર મનુષ્ય આજે એટલો સેક્સ્યુઅલ (કામ-વિકારી) થઈ ગયો કે એની બધી જ ઉર્જા નષ્ટ થઈ ગઈ. આ માનસિક રોગો વધવાનું મુખ્ય કારણ છે. પછી તે કેન્સર હોય યા અન્ય બીમારીઓ.

એક સમયે સંતાન ઉત્પત્તિ માટે કામ-વાસનાનો ઉપયોગ થતો હતો. ધીરે ધીરે એનું પ્રમાણ વધતું ગયું. હવે સેક્સ શરીરના આનંદનું સાધન બની ગયો. આ શારીરિક આનંદથી આધ્યાત્મિક આનંદ નષ્ટ થઈ ગયો. મન, બુદ્ધિ જ કમજોર બની ગયાં છે. કારણે મનુષ્ય આખો દિવસ દેહ વિશે જ વિચારે છે.

બીજું કારણ મનુષ્યમાં વધતો જતો અહંકાર અને ક્રોધ એના કારણે એને તનાવ રહે છે. તે ચિંતાઓમાં ઘેરાયેલો રહે છે. તે ઝૂકવા નથી ઈચ્છતો તે ઝુકાવવા ઈચ્છે છે. અહંને કારણે, ખોટા વ્યવહારને કારણે, પોતાના ખરાબ સંસ્કારોને કારણે છૂટાછેડા કેટલા વધતા જાય છે. જે ભારતીય સંસ્કૃતિમાં નહોતું. છેલ્લા વર્ષોમાં કરોડો કેસ કોર્ટમાં પેન્ડીંગ પડ્યા છે. જેથી પરિવારોમાં

તનાવ અને નકારાત્મકતા વધી રહી છે. સમાજના ખોટા વ્યવહારથી માનસિક રોગો થાય છે. બીજું યુવાન - યુવતીઓ વચ્ચેના અયોગ્ય સંબંધો વધતા જ જાય છે. તેઓ પ્રેમ કરે છે પણ પ્રેમને નિભાવતાં આવડતું નથી. પ્રેમમાં પડ્યા પછી તેના સાથીને સાચી ઓળખાણ થાય છે ત્યારે ઘણું મોડું થઈ જાય છે. જેનાથી માનસિક રોગો અને આત્મહત્યાઓનું પ્રમાણ વધ્યું છે. લગ્ન પછી સંસ્કાર મિલન, વિચારોનું મિલન થતું નથી. અને અહંકાર થાય છે. ક્યારેક લગ્ન પછીના આડા સંબંધો છૂટાછેડા માટે નિમિત્ત બને છે. મોટા મોટા વિદ્વાન, આચાર્ય એ નથી જાણતા કે દરેક મનુષ્ય સાથે જે થઈ રહ્યું છે તે તેનાં કર્મોનું ફળ છે. ખોટા કર્મો કરનાર માનસિક રોગોનો શિકાર બની જાય છે. ભગવાને એ જણાવ્યું છે કે જેનાં પાપકર્મો વધારે હશે, જેનાં પાપકર્મોનાં ખાતાં વધારે ભયાનક હશે તે પૂર્વ જન્મોનાં યા આ જન્મનાં ભોગવવાં જ પડશે. માનસિક રોગ, રાતે ઊંઘ ન આવવી, એના ઉપર ભટકતા આત્માઓનો પ્રભાવ પડે છે. તેથી આપણે પુણ્ય કર્મોને વધારવાં જોઈએ. જેથી આપણાથી સારાં આંદોલનો ચારે તરફ ફેલાય. આપણને સર્વની દુઆઓ મળે, આપણે પુણ્ય આત્મા બની જઈએ. આપણા પુણ્ય કર્મોનું ફળ અને બળ માનસિક રોગોથી મુક્તિ અપાવશે.

॥ **ઓમશાંતિ** ॥

# સંગમયુગ - પ્રભુ પ્રાપ્તિ અને સદ્‌ભાગ્યનો સોનેરી યુગ

**બ્ર.કુ. કનુભાઇ એચ.પટેલ, ગોધરા**

- સ્વયં પરમપિતા પરમાત્મા શિવનું બ્રહ્મા તનમાં અવતરણ.
- બ્રહ્મા દ્વારા બ્રાહ્મણ પરિવારની રચના.
- સ્વયં ભગવાન શિક્ષક બની બાળકોને ભણાવે.
- જ્ઞાન, યોગ, ધારણા, સેવા એવા ચાર વિષયો ભણાવે.
- નાના-મોટા, અમીર-ગરીબ, જ્ઞાતિ, જાતિ, ઊંચ-નીચના ભેદભાવ વગર સૌ ભણે.
- ભણતરની કોઇ ફી નહી.
- આખા વિશ્વમાં લાખો બાળકો એક સાથે ભણે.
- ૮૦૦ કરોડના વૈશ્વિક સમુદાયમાંથી ફક્ત ૩૩ કરોડ બાળકોની પસંદગી.
- કોટોમાં કોઇ અને કોઇમાં પણ કોઇ એવા પદમાપદમ ભાગ્યશાળી બાળકોને ભગવાન પસંદ કરે છે.
- તમોપ્રધાનમાંથી સતોપ્રધાન બનાવવાની પાઠશાળા.
- નરમાંથી નારાયણ અને મનુષ્યમાંથી દેવતા બનવા માટેની ઇશ્વરીય વિશ્વ વિદ્યાલય સંગમયુગમાં ભગવાન ખોલે છે.
- સતયુગી દુનિયામાં દેવી-દેવતાના પદની પ્રાપ્તિ.
- કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, ઇર્ષ્યા, દ્વેષ, નફરત, ઘૃણા, બદલો લેવાની ભાવના જેવા કુસંસ્કારો અને વિકારોની તિલાંજલિ.
- વિકર્મોનો વિનાશ કરવા માટેનું શિક્ષણ.
- પુણ્યકર્મો જમા કરવા માટેનું મંદિર.
- દાન-દક્ષિણામાં પૈસા નહી, પાંચ ખોટા સિક્કા-કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકારનું દાન કરો.

આવો સૌ ભેગા મળી નવી સોનેરી સતયુગી દુનિયા લાવવા ભગવાનના કાર્યમાં મદદરૂપ બનીએ.

॥ **ઓમશાંતિ** ॥

# અલંકારોને ધારણ કરીને પોતાનું અલંકારી સ્વરૂપ બનાવો

બ્ર.કુ. ગીતાબેન, શાંતિવન, આબુરોડ



ભૌતિક દુનિયામાં મૂળ ત્રણ રંગ છે. લાલ, પીળો અને વાદળી. મૂળ રંગ છે ત્રણ. ત્રણ રંગમાંથી આજે કેટલા રંગના શેડ બનેલા છે. 150થી વધારે શેડ બનેલા છે. તો મૂળમાં આત્મા સાત ગુણોનું સ્વરૂપ છે. શાંતિ, સુખ, આનંદ, પવિત્રતા, શક્તિ, જ્ઞાન અને પ્રેમ. શાંતિનો ગુણ આવશે તો પોતાની મેળે, ધીરજ, શીતળતા, સૌમ્યતા આવશે. પ્રેમ સ્વરૂપ બનશો તો પોતાની મેળે શુભભાવના, સહયોગ, ભાઈચારો આવી જશે. સંગમયુગમાં આપણે સાત ગુણોનું સ્વરૂપ બનીએ છીએ. બાબાએ ગુણોના સાગર છે. આપણે આ ગુણોનું સ્વરૂપ છીએ. રોજ શાંતિમાં બેસીને પોતાને યાદ અપાવવાનું છે કે હું શાંત સ્વરૂપ આત્મા છું, પ્રેમ સ્વરૂપ આત્મા છું. શક્તિ સ્વરૂપ આત્મા છું. આ વાસ્તવિકતા છે. તે પાક્કું કરવાનું છે. આપણે ભવિષ્યમાં દેવતા બનનાર છીએ. તો સર્વગુણ સંપન્ન, સોળે કળા સંપૂર્ણ, મર્યાદા પુરુષોત્તમ, ડબલ અહિંસક બનવાનો પુરુષાર્થ કરવાનો છે. એક ગુણ અનેક ગુણોને સાથે લાવે છે. તે રીતે અવગુણ અનેક અવગુણોને લાવે છે. સંગમયુગમાં આપણું દરેક કર્મ કલાયુક્ત બને. બાબા કહે છે એક કળા છે બુદ્ધિયોગની કળા. જ્યારે ઈચ્છો, જ્યાં ઈચ્છો, જે સ્થિતિમાં ઈચ્છો જેટલા સમય ઈચ્છો બુદ્ધિને સ્થિત કરી શકીએ. બુદ્ધિ શુદ્ધ એકાર્ગ છે તો આપનાં દરેક કર્મ સારાં જ બનશે.

બાબા કહે છે અંતિમ પેપર કયું હશે. એ ક્ષણે આપ સ્થિત થઈ ગયા તો આપ પાસ થઈ જશો. બુદ્ધિયોગની કળા સંપૂર્ણ નિર્વિકારી બનવાનું છે. બાબા કહે છે દેહી અભિમાની બનો. દેહ અભિમાનમાં આવ્યા તો દેહનું આકર્ષણ થશે. દેહના સંબંધોનું આકર્ષણ, દેહના વૈભવ પદાર્થોનું આકર્ષણ. તેથી સર્વ વિકાર આવી જાય છે. તો વિકારનો અંશ પણ રહેવો ના જોઈએ. બાબાએ બ્રહ્મચર્યની ધારણા કરાવી. કારણ કે કોઈપણ આત્માને એની સત્યતા, શુદ્ધતાથી ચલિત કરવા તે સૌથી મોટો ઘાત છે.

આપણે બાબાનાં સાધારણ બાળકો નથી. પવિત્ર બનીને આપણે દરરોજ જ્ઞાન-યોગ કરીએ છીએ. બાબા કહે છે ડબલ અહિંસક બનો. કોઈને પણ દુઃખ આપશો નહીં. આપણે મન, વચન, કર્મથી સૌને સુખ આપવાનું છે. સુખ આપશો તો સુખ મળશે આ કર્મનો સિદ્ધાંત છે.

બાબા કહે છે કે જો અમૃતવેળાએ બાબાના પ્યારથી શક્તિ ભરી લો છો તો દુનિયામાં ક્યાંય એમની નજર ડૂબશે નહીં. બુદ્ધિ ક્યાયં ફસાઈ નહીં જાય. મારે જ્ઞાન સ્વરૂપ, ગુણમૂર્ત રહેવાનું છે. અલંકાર છૂટવા નહીં જોઈએ. તેથી તો બાબાએ અલંકાર વિષ્ણુને આપ્યા છે. કારણે બાળકો ક્યારેક કમળ બને છે, તો ક્યારેક ગદા ઉઠાવે છે. કદી ચક્ર ચલાવે છે તો કદી શંખ એક સાથે ધારણા રહેતી નથી. તો આ આપણા અલંકાર છે મારે સ્વદર્શન ચક્રધારી બનવાનું છે. તો આ છે આપણું અલંકારી સ્વરૂપ.

**॥ ઓમશાંતિ ॥**

# મહાવીર અર્થાત્ અભિમાન અને અનુમાનનું હનન કરનાર

બ્ર.કુ. ઉષાબેન, શાંતિવન, આબુરોડ



રામ જ્યારે વનમાં શબરીને મળવા આવ્યા ત્યારે શબરીના એક એક બોરનો રામે સ્વીકાર કર્યો. એનું અપમાન ના કર્યું. પણ લક્ષ્મણને અંદરથી ગુસ્સો આવી રહ્યો હતો. આ રામ ક્યાં બેસી ગયા. એઠાં બોર ખાઈ રહ્યાં છે. જો બોર જ ખાવાં હતાં તો હું જંગલમાંથી લાવી આપત. માતા સીતાને શોધવા નીકળ્યા અને અહીં સમય બરબાદ કરી રહ્યા છે. લક્ષ્મણને ગુસ્સો આવી રહ્યો હતો. રામે તો બોરનો સ્વીકાર કર્યો અને લક્ષ્મણને કહ્યું બહુ મીઠાં છે તમે પણ ખાઓ. પરંતુ લક્ષ્મણે બોર ફેંકી દીધાં. કેટલાંક બાબાના બાળકો પણ એ ગરીબ શબરીઓનું અપમાન કરે છે. જે અપમાન કરે છે તેનું ફળ પણ રામાયણમાં બતાવેલું છે. લક્ષ્મણને મૂર્છા આવી ત્યારે કઈ જડીબુટ્ટી કામમાં આવી. તે જ જૂઠાં બોર જે વૃક્ષ બનીને નીકળ્યાં હતાં. હનુમાનજી જે ઉઠાવીને લાવ્યા તે જડીબુટ્ટી જ કામમાં આવી. ત્યારે જ લક્ષ્મણ મૂર્છાથી બહાર આવ્યા. એટલે યાદ રાખો કોઈ બાબાના ગરીબ બ્રહ્માવત્સનું અપમાન ન થાય કારણ અપમાન થશે તો જરૂર મૂર્છા આવશે.

રામાયણ આટલી સુંદર વાતો શીખવાડે છે. આપણું બ્રાહ્મણ જીવન છે. જાણે - અજાણ્યે પણ આપણ જ્ઞાની તૂ આત્માનું એ લક્ષણ હોવું જોઈએ કે કોઈ આત્મા સાધારણ હોય, અમીર હોય, શાહુકાર હોય, ગમે તેવો આત્મા હોય પણ એનું કદી અપમાન થવું જોઈએ નહીં. એને સન્માન આપો. એટલે રામને મૂર્છા આવી નહીં. જ્ઞાની તૂ આત્માને કદીપણ મૂર્છા આવશે નહીં. કેટલાય પ્રકારના દુનિયાના 'નાગપાશ' આપણને ડંસવાનો પ્રયત્ન કરશે. એટલે બ્રાહ્મણ જીવન, સહજ, સરળ હોય એટલા માટે દરેક આત્માનું સન્માન કરો. કારણ કે ક્યારેક સાધારણ આત્માઓ પણ આગળનો રસ્તો બતાવવા માટે નિમિત્ત બનશે. એટલે જ્યારે જ્ઞાની તૂ આત્માને પૂછ્યું કે હવે આગળ મારે ક્યાં જવાનું છે. તો કહ્યું કે ઋષિમુખ પર્વત પર હનુમાન આપની રાહ જોઈ રહ્યા છે. આપના ભક્ત આપની રાહ જોઈ રહ્યા છે. ભગવાન એવી વાતો બોલાવે છે જે આપણા માટે બહુ કામની હોય છે. આપણા પુરુષાર્થના માર્ગમાં સરળતા, સહજતા, રિયલાઈઝેશન કરાવી દે છે.

બાબાની જીવન કહાનીમાં એ વાત આવે છે કે બાબાની સામે એક ભીલની હતી. ભીલની સ્નાનાદિથી પરવારીને બાબાના માટે કંઈક ને કંઈક ભોગ બનાવીને લાવતી હતી. બાબા તેનો સ્વીકાર કરતા હતા. કેટલાકે બાબાને કહ્યું કે બાબા, આ ભીલની ભોગ બનાવીને લાવી છે તેનો સ્વીકાર શા માટે કરો છો? બાબાએ કહ્યું કે એ બેટી સ્નાનાદિ કરીને આટલી સ્વચ્છ થઈને, એટલા પ્રેમથી તે બનાવે છે તો બાબા તેનો સ્વીકાર શા માટે ના કરે? ભીલની જ્યારે એક રૂપિયો લઈને આવતી હતી અને બાબાને કહેતી હતી કે બાબા મકાનમાં મારી પણ એક ઈંટ લગાવી દેજો. એ ભીલનીનું ગાયન છે જે આજસુધી મુરલીમાં આવે્ છે કે એક રૂપિયો પણ ઈંટ માટે મોકલે છે તેથી બાબા કહે છે તેનો એક રૂપિયો શાહુકારના પાંચ હજારથી વધારે છે. બાબાને સાધારણ માણસોની પણ એટલી વેલ્યુ હતી.

(અનુસંધાન પેજ નં. 25 પર)

## શિવ ભગવાનુવાચઃ

# મુક્તિ જીવનમુક્તિ માટે વાનપ્રસ્થ અર્થાત વાણીથી પાર જઈએ!

બ્ર.કુ. વિવેકાનંદ, મહાદેવનગર, અમદાવાદ

શાસ્ત્ર અનુસાર માનવજીવનને ચાર આશ્રમમાં વિભાજીત કરેલ છે. 1. બ્રહ્મચર્યાશ્રમ 2. ગૃહસ્થાશ્રમ 3. વાનપ્રસ્થાશ્રમ 4. સંન્યસ્થાશ્રમ

વિચારવા જેવી બાબત છે કે શાસ્ત્રમાં માનવીનું આયુષ્ય ૧૦૦ વર્ષનું ધારી દરેક આશ્રમને ૨૫-૨૫ વર્ષમાં વહેચવામાં આવ્યા છે. પણ સાંપ્રત સમય તો અકાળે મૃત્યુનો સમય હોવાના કારણે માનવજીવન જ ખોરવાઈ ગયું છે. તેથી આ પ્રણાલી પણ સમયાન્તરે લુપ્ત થઇ ગઈ છે. અત્યારે સમગ્ર વિશ્વમાં ભૌતિક રીતે વિકાસ થયો છે પરંતુ સંસાર આધ્યાત્મિક રીતે અધોગતિના પંથે ગયો છે. પરિણામ સ્વરૂપે આજે સંસાર રાવણરાજ્ય બની ગયો છે. આજનો માનવ ચિંતા, ભય, તનાવ વગેરેથી ગ્રસ્ત છે. માનવજીવનના દરેક (ચારેય આશ્રમ) તબક્કે પવિત્રતા લુપ્ત છે. માટે જ પરમાત્મા ધરા પર અવતરિત થઇ આ ગ્રસ્ત સંસારને રાવણ રાજ્યથી મુક્ત કરી રામ રાજ્યની સ્થાપના કરવાનું શ્રેષ્ઠ કાર્ય કરાવી રહ્યા છે. પરમ કૃપાળુ પરમાત્મા શાસ્ત્રનો સાર સંભળાવી માનવજીવનને શ્રેષ્ઠ બનાવવા માર્ગદર્શન કરે છે. પરમાત્માએ વાનપ્રસ્થની ગુહ્ય પરિભાષા પણ આપી છે અને વાનપ્રસ્થનું મૂલ્યને પણ સમજાવ્યું છે. અત્રે એજ વાતોને સમજવાનો પ્રયત્ન કરેલ છે.

વાનપ્રસ્થ એક સંયોજન શબ્દ છે. વાન + પ્રસ્થ. જેમાં વાન (વન)નો અર્થ થાય છે ‘વન, દૂરની જમીન’ અને પ્રસ્થ જેનો અર્થ થાય છે ‘જવું, રહેવું, મુસાફરી કરવી’ વાનપ્રસ્થ શબ્દનો શાબ્દિક અર્થ થાય છે ‘જંગલ તરફ આગળ વધવું’ અથવા દૂરની જમીન પર જઈને રહેવું અથવા ત્યાં સુધી મુસાફરી કરવી. મનુષ્ય નિવૃત્ત થઇ સંસારથી દુર આધ્યાત્મિક પ્રગતિ માટે વનમાં રહેવા નીકળી જવાની વિધિ એટલે વાનપ્રસ્થી બનવું એવો સામાન્ય અર્થ શાસ્ત્રમાં છે.

વળી શાસ્ત્ર અનુસાર વાનપ્રસ્થનું લક્ષ્ય, અને કર્તવ્યને પણ જાણવા જેવું છે.

**વાનપ્રસ્થનું લક્ષ્ય -** વાનપ્રસ્થ આશ્રમમાં જીવનને ઉચ્ચ આદર્શો અનુસાર ઘડવાનો, સમાજમાં સતત સારા જ્ઞાન, સદ્‌ભાવના અને પરોપકારી સર્જનાત્મક સારી વૃત્તિઓ વધારવાની, અને ખરાબ પ્રથાઓ, મૂર્ખ માન્યતાઓ વગેરેના નિવારણ માટે કાર્ય કરવાની તક મળે છે. જેના કારણે વિશ્વ ને વ્યક્તિનું પછીનું જીવન સુધરે છે.

**વાનપ્રસ્થનું કર્તવ્ય -** (1) આ તબક્કાનું કર્તવ્ય સાંસારિક વસ્તુઓ અને ભૌતિક ચિંતાઓથી દૂર રહેવું અને શાંતિ, એકાંત અને શાસ્ત્રોના અભ્યાસ અને ધ્યાન માટે સમય ફાળવવાનું છે. (2) આ તબક્કામાં લોકોને કુટુંબમાં સમજદાર વડીલો તરીકે જોવામાં આવે છે અને બાળકોને શિક્ષિત કરવામાં સલાહ અને મદદ માટે પૂછવામાં આવે છે. (3) સમાજના દુષણોને દૂર કરવામાં અને સમાજમાં જ્ઞાનનો ફેલાવો કરવામાં યોગદાન આપે. (4) જેઓ સનાતન માર્ગથી ભટકી ગયા છે તેમને સાચા માર્ગ પર પાછા લાવવા અને સનાતન ધર્મને જાળવી રાખવા માટે અથાક પ્રયત્નો કરવા.

શાસ્ત્રમાં વાનપ્રસ્થ અંગે ખૂબ જ વિસ્તારમાં માહિતી આપવામાં આવી છે. પરંતુ પરમાત્માએ ખૂબ જ સરળ શબ્દોમાં અને સામાન્ય માનવીને સહજતાથી સમજી શકાય તેમ કહ્યું છે કે **'મીઠા બાળકો, મુક્તિ અને જીવનમુક્તિ માટે વાનપ્રસ્થ અર્થાત વાણીથી પાર જઈને એક પરમાત્મા અને સ્વ-ધામને યાદ કરો.'** પરમાત્માએ કહેલા આ સરળ વાક્યમાં ઘણી મહીન વાતો છુપાયેલી છે.

**મુક્તિ -** ખરાબ પ્રથાઓ, ખોટી માન્યતાઓ અને આદતો, સાંસારિક વસ્તુઓ અને ભૌતિક ચિંતાઓ, સામાજિક દૂષણો, અજ્ઞાનતા વગેરેથી મુક્તિ

**જીવનમુક્તિ -** જીવનમાં રહેવા છતાં વિપરીત વાતાવરણ, વાયુમંડળ, વિપરીત પરિસ્થિતિમાં પણ સુખ અને શાંતિની અનુભૂતિ કરવી, શ્રેષ્ઠ જીવન જીવવું.

**વાણીથી પાર -** અર્થાત સમગ્ર સંસાર જ્યાં મન-વચન અને કર્મનો અવાજ છે, ત્યાંથી મન-બુદ્ધિને હટાવી સંસારથી દૂર જગ્યાએ, પરબ્રહ્મ જેણે ભિન્ન ભિન્ન ભાષાઓમાં ભિન્ન-ભિન્ન સંસ્કૃતિમાં પરમધામ, શાંતિધામ, મુક્તિધામ, અક્ષરધામ, નિર્વાણધામ વગેરે ભિન્ન-ભિન્ન નામથી ઓળખીએ છીએ, ત્યાં જઈને રહેવું કે ત્યાં સુધી મુસાફરી કરવી, ત્યાં નિવાસ કરતા પરમાત્મા સાથે વાર્તાલાપ કરવો.

જયારે આપણે પરમાત્માએ આપેલી પરિભાષામાં એક આધ્યાત્મિક ઉન્નતિનો, સમગ્ર વિશ્વની ઉન્નતિનો માર્ગ સ્પષ્ટ દેખાય છે. સંસારમાં રહેવા છતાં સંસારની બધી જ જવાબદારી સંભાળતા મન-બુદ્ધિ સંસારથી પાર આપના મૂળ વતન તરફ લાગેલી રહે, સતત પરમાત્માનું ધ્યાન ધરે, પરમાત્મા પાસેથી ગુણો અને શક્તિઓ લઈ સંસારને શ્રેષ્ઠ બનાવવા યોગદાન આપે. વળી સાંપ્રત સમયની માંગ પણ એ જ છે. કારણ કે અત્રે સંસારને ગુણો, શક્તિઓ, ચારિત્ર્યની અતિ આવશ્યકતા છે. ચારેય દિશામાં કળીયુગનો પ્રભાવ જોવા મળે છે. સમાજમાં ખરાબ પ્રથાઓ, અંધશ્રદ્ધાયુક્ત માન્યતાઓ, ખોટી આદતો, સાંસારિક વસ્તુઓ અને ભૌતિક ચિંતાઓ, સામાજિક દૂષણો, અજ્ઞાનતાનું વર્ચસ્વ દેખાય છે. આધ્યાત્મિક અધોગતિ થકી વિપરીત વાતાવરણ, દૂષિત વાયુમંડળ અને આધિ-વ્યાધિ અને ઉપાધિ પણ સર્વત્ર અનુભવાય છે. વળી સમયનો કોઈ ભરોસો પણ નથી કે તમે ૫૦ વર્ષ સુધી રાહ જોતા રહો. માટે જ પરમાત્મા કહે છે કે વહાલા બાળકો, અત્રે માત્ર માનવ જીવનનો જ નહી પણ સમગ્ર સંસારનો વાનપ્રસ્થનો તબક્કો ચાલી રહ્યો છે. પરમાત્મા વિશ્વ કલ્યાણ માટે ધરા પર અવતરિત થયા છે. અનેક જન્મોથી સુખ-શાંતિ-પવિત્રતા માટે તરસ્યા રહેલા સર્વ આત્માઓને મુક્તિ અને જીવનમુક્તિનો વારસો આપવા પધાર્યા છે. પરંતુ નિયતિની બલિહારી છે, પરમાત્માની મર્યાદા છે કે તેઓ નિરાકાર છે, તેઓ અજન્મા છે, અકર્તા છે. તેથી જ આ શ્રેષ્ઠ કાર્યમાં સહયોગી બનવા બાળકોને હાકલ કરી રહ્યા છે કે **'હે મીઠા બાળકો, સમગ્ર સંસારની વાનપ્રસ્થ અવસ્થા છે, આ વાતથી સંસારના બધા જ લોકો અનભિજ્ઞ છે. તેઓ અજ્ઞાનતાની ગહનનિદ્રામાં પોઢેલા છે. તમને મેં અજ્ઞાનતાના નિદ્રાથી જગાડ્યા છે. તેથી સંસારને મુક્તિ-જીવનમુક્તિ આપવાની જવાબદારી તમારી છે. માટે વાનપ્રસ્થી બનો અર્થાત વાણીથી પાર જઈ મને યાદ કરો, સુખધામને યાદ કરો. તમારા આ અભ્યાસથી સમગ્ર સંસારમાં પ્રકમ્પનો ફેલાશે. તમારા**

(અનુસંધાન પેજ નં. 05 પર)

## અજ્ઞાત વિશ્વ સેવાધારી -

# ભૂરી દાદીજી

બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન, આબુ રોડ



માતા સીતાની મુક્તિ માટે હનુમાનજી અને વાનર સેના સમુદ્ર પર પુલ બનાવી રહ્યા હતા. પથ્થર પર શ્રી રામનું નામ લખીને હનુમાનજી પથ્થરને સમુદ્રમાં ફેંકી રહ્યા હતા, આ જોઈને એક નાનકડી ખિસકોલી પણ રેતીમાં લથબથ થઈ શરીરે ચોંટેલી રેતી બે પથ્થરો વચ્ચે ઝાટકી રહી હતી. શ્રીરામે ખિસકોલીની આ અથક સેવા જોઈ અને પ્રસન્ન થઈને તેની પીઠ પર પ્રેમથી હાથ ફેરવ્યો, ત્યારે ખિસકોલીની પીઠ પર ત્રણ રેખાઓનાં નિશાન છપાઈ ગયા. કહેવાય છે કે એ રેખાઓ આજે પણ આપણને ખિસકોલીની સેવાની યાદ અપાવે છે. કોઈ મહાન કાર્યમાં મદદ કરવી એ 'ખિસકોલીનો હિસ્સો' પણ કહેવામાં આવે છે. ખિસકોલીની જેમ, મહારથી દાદીઓમાં નાનાં હોવા છતાં, મોટી સેવાઓ કરી 'મૂર્તિ લહાન પણ કીર્તિ મહાન' (એટલે કે કદમાં નાની છે પણ કામ મોટા છે) એ મરાઠી કહેવતને ચરિતાર્થ કરનાર, ઇશ્વરની ડાયરીમાં એવાં જ એક ગુપ્ત, અજ્ઞાત અને અથક વિશ્વ-સેવાધારી હતા - રાજયોગિની ભૂરીદાદીજી.

દાદીજીનો જન્મ સિંધ હૈદરાબાદમાં થયો અને તેમને લૌકિક નામ મળ્યું 'રુકમણિ'. દાદી યજ્ઞમાં સમર્પિત થયા શિવ પિતાએ નામ આપ્યું 'હીરલલિતા' દાદીનો રંગ ખૂબ જ ગોરો હતો, તેથી બ્રહ્માબાબા તેમને પ્રેમથી 'ભૂરી' કહેતા. દાદીજીના લગ્ન 'ભૂરોમલજી' સાથે થયા હતા. દાદીને એક દીકરી પણ હતી 'લીલા' તેઓ પણ થોડો સમય દાદી સાથે યજ્ઞમાં રહ્યા, તેમને પણ અલૌકિક નામ મળ્યુ હતું 'ગુલ્ઝારચંદા' દાદીનું ઘર બ્રહ્માબાબાના ઘરની પાસે જ હતું. તે સમયે સર્વત્ર ઓમ મંડળીની ચર્ચાઓ જોરમાં હતી. ઓમ ધ્વનિ સાંભળીને થયેલા દિવ્ય સાક્ષાત્કારોના સમાચાર દાદીના કાને પહોંચ્યા, ત્યારે એક દિવસ દાદી માતાઓ સાથે સત્સંગમાં ગયા. બ્રહ્માબાબાના મુખ કમળમાંથી મધ જેવા મીઠા અવાજમાં 'ઓમ-ધ્વનિ'નાં મધુર ઉચ્ચારણ સાંભળતાં જ દાદી મંત્ર-મુગ્ધ થઈ ગયા અને દેહની સૂધબૂધ ભૂલી ગયા તથા આત્મિક આનંદમાં ખોવાઈ ગયા, એ દિવ્ય અનુભૂતિમાંથી જાગૃત અવસ્થામાં આવતાં જ બાબાએ સ્નેહથી દૃષ્ટિ આપી, દાદીને ટોલી (પ્રસાદ) આપી. ચુંબક પર ચોંટી ગયેલી સોયની જેમ બાબાના નિઃસ્વાર્થ પ્રેમથી દાદી મોહિત થઈ ગયા અને પહેલી જ મુલાકાતમાં બાબાનાં દિવાના બની પ્રભુ પ્રેમિકા બની ગયા. દાદી જાનકી સાથે ભૂરી દાદીનો દૂરનો સંબંધ હતો, દાદી જાનકી સાથે રોજ તેઓ જ્ઞાન મુરલી સાંભળવા લાગ્યા. બાબાએ પતિની રજા અને ચિઠ્ઠી લાવવા કહ્યું. પતિએ પણ ખુશીથી છુટ્ટી આપી અને દાદી સમર્પિત થઈ અતીન્દ્રિય સુખનો સ્વાદ ચાખવા લાગ્યા.

ભારત - પાકિસ્તાનના ભાગલા પછી ભૂરી દાદી પણ બાબા સાથે આબુ આવ્યા. આબુમાં દાદીએ ઓલરાઉન્ડ સેવાઓ કરી. બાબાએ બધાં દાદીઓને સેવા માટે બહાર મોકલ્યા, પછી ઘણા સેવાકેન્દ્રો સ્થપાયા અને બ્રહ્માવત્સો મધુવન આવવા લાગ્યા. બાબાએ રેલ્વે સ્ટેશનથી પાર્ટીને

મધુબન પહોંચાડવાની અને યજ્ઞની તમામ ખરીદીની જવાબદારી દાદીને સોંપી. પાર્ટી ક્યારે સમય-કસમયે આવતી હતી, તેથી દાદી ક્યારેક પ્લેટફોર્મ પર સૂઈ જતા તો ક્યારેક પરિચિત સિંધીઓને ત્યાં રહેતા. તે સમયે યજ્ઞમાં બસ કે કાર ન હતી. એસ.ટી. બસમાં જ આબુ જવું પડતું હતું. ક્યારેક ક્યારેક સવારે ત્રણ વાગ્યે પાર્ટીને બસમાં મોકલ્યા પછી દાદી શાકભાજી ખરીદીને બસમાં મધુબન મોકલતા. બાબા જ્યારે પણ દાદીને આદેશ આપતા ત્યારે કોઈ પણ બહાનું કાઢ્યા વિના કે આળસ કર્યા વગર દાદી તરત જ આબુરોડ પર જઈ પાર્ટીને રીસીવ કરી આબુ આવતા. દિવસ દરમિયાન દાદીને ચાર-પાંચ વાર પણ આબુરોડ પર આવવા-જવાનું થતું. પહાડી રસ્તે નીચે-ઉપર મુસાફરી કરવાથી થાક લાગે છે, ક્યારેક ઉલ્ટીઓ પણ થાય છે, પણ ભૂરીદાદીની કમાલ હતી કે વારંવાર બસમાં મુસાફરી કરવી ખૂબ તકલીફ આપનાર હોવા છતાં દાદી થાકતા નહોતા. ખરેખર, દાદીની હિંમતને સલામ કરવી પડે. દાદીને એક જ નશો હતો કે હું ફક્ત નિમિત્ત છું અને કરન-કરાવનહાર શિવબાબા છે. આમ તો દરેક બ્રહ્માવત્સ પોતપોતાની રીતે અથક સેવા કરે છે, પરંતુ બાબાને હંમેશા ‘હાં જી’ કહેનાર ભૂરીદાદી બધાથી અલગ અતિ વિશેષ અથક વિશ્વ સેવાધારી હતા.

દાદીને શિવબાબા પર પૂરો નિશ્ચય હતો. બ્રાહ્મણ જીવનનો આધાર છે નિશ્ચય -

(1) સ્વયં પર નિશ્ચય, (2) શિવપિતા પર નિશ્ચય, (3) બ્રાહ્મણ પરિવાર પર નિશ્ચય અને (4) ડ્રામા એટલે કે કલ્યાણકારી વિશ્વ નાટક પર નિશ્ચય, નિશ્ચયનાં આ ચારેય સ્થંભ દાદીનાં પાક્કા હતા. દાદી ખૂબ નિર્માણચિત્ત હતા. કોઈ કંઈક કહી દેતો પણ તેઓ ક્યારેય ગુસ્સે થવાને બદલે હંસતા-હસતાં વાતો કરતા. તે સમયે યજ્ઞની તમામ ખરીદી આબુરોડથી જ થતી હતી. તેનાં માટે ભૂરીદાદી જ નિમિત્ત હતા. માર્કેટમાંથી લીલા શાકભાજી દાદી જ ખરીદતા હતા. ખાસ વાત તો એ હતી કે શાક વેચનારાઓને પ્રેમથી મનાવી તેઓ બાબા માટે વીણી-વીણીને શાકભાજી લાવતા. આમ તો દાદી બહુ ભણેલા ન હતા પરંતુ હિસાબ એક્યુરેટ રાખતા હતા, આ તેમની બહુ મોટી વિશેષતા હતી. દાદીને નવરાં બેસી રહેવું જરાય ગમતું નહતું. તેઓ પોતાની જાતને કોઈને કોઈ કર્મણા સેવામાં વ્યસ્ત રાખતા હતા. આબુરોડથી પાર્ટીઓને લાવવાની સેવામાંથી નિવૃત્ત થયા બાદ દાદીને ભોજન પીરસવાની સેવા મળી. વૃદ્ધાવસ્થાને કારણે દાદીના હાથ ધ્રૂજતા હતા, તેમ છતાં તેઓ સમયસર આવી, બધાને પ્રેમથી ભોજન પીરસતા. દાદીને યજ્ઞસેવા ખૂબ જ પ્રિય હતી. તેમણે અંતિમ શ્વાસ સુધી યજ્ઞસેવા છોડી નહતી. તેઓ પોતાના કપડાં જાતે ધોતાં અને ઈસ્ત્રી પણ જાતે જ કરતા. મહિનામાં એકવાર સેવાધારી અને મધુવન નિવાસીઓને કપડા ધોવાનો સાબુ અને વાળમાં નાંખવાનું તેલ પણ દાદી જાતે જ આપતા હતા.

ભૂરીદાદીનો સ્વચ્છતા પ્રત્યેનો પ્રેમ બેજોડ હતો. ખીલેલા ગુલાબ જેવો પ્રફુલ્લિત ખુશખુશાલ ચહેરો, નખથી વાળ સુધી સ્વચ્છ નિર્મળ કાયા, ટીપ-ટોપ થઈ સ્વચ્છ સફેદ પોષાકમાં સજ્જ ભૂરી-દાદી તો જાણે આકાશમાંથી ઉતરેલ પરી લાગતા. બધા પર પ્રેમ વરસાવનાર ભૂરીદાદીનું રૂહાની પ્રસન્ન વ્યક્તિત્વ અને નિર્દોષ હાસ્ય સહજતાથી કોઈને પણ આકર્ષિત કરતું હતું. દાદીને બધા મધુવન નિવાસીઓ પ્રત્યે ખૂબ પ્રેમ હતો. તેઓ દરેક વારે તહેવારે દાદી પ્રકાશમણિને ખર્ચો અવશ્ય આપતા હતા. દાદી એકનામી અને ઈકોનામીનાં અવતાર હતા. અથક સેવા કરી તેઓ

દીદી-દાદી અને બ્રહ્માવત્સોનાં હૃદય સિંહાસન પર વિરાજમાન હતા. એવા દધિચી ઋષિ સમાન હાડ સેવા કરનાર ભૂરીદાદી 2, જુલાઈ, 2010ના રોજ દેહરૂપી પિંજરામાંથી સહજતાથી હસતા-હસતા મુક્ત થઈ સૂક્ષ્મ વતનવાસી ફરિશ્તા બની ગયા.

ભૂરીદાદી માટે મધુબનનાં શશીદીદી દ્વારા આવેલ બાપદાદાનો સંદેશ આ મુજબ છે, 'આજે હું ભૂરીદાદીજી નિમિત્ત દરેકના યાદ પ્યાર લઈને વતનમાં ગઈ, વતનમાં ખૂબ જ સુંદર સજાવટ કરેલી હતી. એક શણગારેલા સ્થાન પર ભૂરીદાદીજીને ફરિશ્તા રૂપમાં સજાવેલા હતા. તેના પર સોનેરી પ્રકાશ ફેલાઈ રહ્યો હતો. ત્યાર બાદ દાદીને દેવીના રૂપમાં પણ જોયા.' બાબાએ કહ્યું, 'આજે આ બચ્ચી (દીકરી)ને શણગારી છે, કારણકે આ બચ્ચી (દીકરી)એ અથક સેવા કરીને બધાને ઘણું સુખ આપ્યુ છે. બાબાની બની ત્યારથી તે બચ્ચી (દીકરી)ને બાબા અને દૈવી પરિવાર માટે ખૂબ પ્રેમ હતો.' દાદીની આંખોમાં સ્નેહના મોતી દેખાતા હતા. બાબાએ કહ્યું, 'ચાલો હું તમને બતાવું કે હું આ બચ્ચી (દિકરી)ને ક્યાં લઈ જતો હતો.' એટલામાં એક પુષ્પક વિમાન આવ્યું. પુષ્પક વિમાનની આસપાસ ફરિશ્તાઓ એકઠા થયા અને ફૂલોની માળાથી દાદીજીનું સ્વાગત કરવા લાગ્યા. બાબાએ કહ્યું, 'આ બચ્ચી (દીકરી) મહારથીઓ અને બ્રહ્માવત્સોને ખૂબ જ પ્રેમથી રિસીવ કરી ગાડીની વ્યવસ્થા કરતી હતી, એટલે બધા તે પ્રેમનું રિટર્ન બચ્ચી (દીકરી)ને આપી રહ્યા છે.' તે પછી દાદી પુષ્પક વિમાનમાં બેઠા, તેમની એક બાજુમાં બાબા અને બીજી બાજુ એડવાન્સ પાર્ટી બેઠી હતી. વિમાન ઉડતાં જ સતયુગી દ્રશ્યો દેખાવા લાગ્યા. બાબાએ કહ્યું, 'આ સ્વર્ગનાં દ્રશ્યો નથી, બચ્ચી (દીકરી)એ બધાને સુખ આપ્યુંને. તો એ સુખદાયી નજારો બાબા બતાવી રહ્યા છે.' બાદમાં, બાબાએ દાદીની વિશેષતાઓ સંભળાવી, બાબાએ કહ્યું, 'બચ્ચી (દીકરી) નિશ્ચય બુદ્ધિ બની એકનામી અને ઈકોનામી કરી, હરતા-ફરતા બાબાનો સાક્ષાત્કાર કરાવતી હતી. બચ્ચી (દીકરી)નો ચહેરો જોઈને દરેકને ફરિશ્તાનો અનુભવ થતો હતો. બચ્ચી (દીકરી)ની ખુશી અને દાતા પણાના સંસ્કાર બધાને પોતાપણાની અનુભૂતિ કરાવતા હતા.'

**॥ ઓમશાંતિ ॥**

**અનુવાદ - બ્ર.કુ. વિજય પોશિયા,**
**ઈન્ડિયા કોલોની, અમદાવાદ.**

# પણ

## બ્ર. કુ. જૂનાગઢ

| | | |
|---|---|---|
| શરીર નાશવંત, | ..... | પણ અમે દુનિયામાં અમર સદાય એની સાબિતી મળી. |
| પતિત શરીરમાં, | ..... | પણ પરમાત્માને પ્રેમ કરવાની પરવાનગી મળી. |
| નર્કમાં, | ..... | પણ નિરાકારી દુનિયાનાં નશાથી સ્વર્ગ જવાની કેડી મળી. |
| દેહભાનમાં, | ..... | પણ આત્મ-અભિમાનથી ત્રણેય લોક ફરવાની આઝાદી મળી. |
| ભક્તિયુગમાં, | ..... | પણ ચૂપચાપ રહેવાની જ્ઞાન-ગીતાની ગોળી મળી. |
| પદ-પ્રતિષ્ઠામાં, | ..... | પણ નિમિત-નિર્માણ-ન્યારા રેવાની જડીબુટ્ટી મળી, |
| કળયુગમાં, | ..... | પણ અંતિમ લક્ષ્ય નિરાકારી, નિરઅંહકારી, નિર્વિકારીની જીત મળી. |

**॥ ઓમશાંતિ ॥**

# ગીતા જ્ઞાનદાતા કોણ?

બ્ર.કુ. જગદીશભાઈ પટેલ , ઈસનપુર

શ્રીમત ભગવદ ગીતા, આ નામ માં જ ગીતા જ્ઞાનદાતા કોણ? આ સવાલનો જવાબ છુપાયેલો છે. શ્રીમત ભગવદગીતાની સંધિ છૂટી પાડીએ તો શ્રી+મત+ભગ+વદ+ગીતા થાય છે. અહીં શ્રી નો અર્થ થાય છે શ્રેષ્ઠ. રામ, કૃષ્ણ, ગણેશ, જેઓ શ્રેષ્ઠ છે તેમના નામની આગળ શ્રી લગાડવામાં આવે છે. મત નો અર્થ થાય છે અભિપ્રાય. ભગ એટલે ભગવાન અને વદ એટલે સંસ્કૃતમાં બોલવું. આમ શ્રી મત ભગવદ્ ગીતા એટલે ભગવાને બોલેલી શ્રેષ્ઠ મત, જીવનમાં શું કરવું અને શું ન કરવું તેનો ઉપદેશ. 600 શ્લોકનું બનેલું આ શાસ્ત્ર પદ્યમાં હોવાથી તેને ગીતા કહેવામાં આવે છે.

ગીતા શાસ્ત્રમાં ઠેર ઠેર ભગવાનઉવાચ શબ્દનો પ્રયોગ થયેલો છે, કૃષ્ણઉવાચ કે અન્ય કોઈ દેવ દેવતા કે, ઋષિમુનિના નામનો ઉલ્લેખ થયેલ નથી. ભગવાન અર્થાત ભાગ્યવાન બનાવનાર ભાગ્ય વિધાતા. સમગ્ર સૃષ્ટિના સર્જનહાર ભગવાન તો એક જ છે, માટે જ આપણે સબકા માલિક એક અને ગોડ ઇઝ વન એમ કહીએ છીએ. ભગવાન કોઈ અટક નથી કે દરેકના નામ આગળ લગાવી શકાય અથવા ભગવાન કોઈ ડીગ્રી નથી કે જે અધ્યયન દ્વારા પ્રાપ્ત કરી શકાય. ગૌતમ બુદ્ધ, મહાવીર સ્વામી, ઈસુ ખ્રિસ્ત, મહંમદ પૈગંબર આ સર્વે ધર્મ પિતાઓ છે, પરમ પિતા નથી કે જેમના નામની આગળ ભગવાન શબ્દ લગાવી શકાય. હિન્દુ ધર્મમાં પણ 33 કરોડ દેવતાઓની માન્યતા રહેલી છે તે સર્વે દેવાત્માઓ છે, પરમાત્મા નથી. પરમાત્મા તો એક જ છે માટે જ પરમાત્મા શબ્દ હંમેશા એક વચનમાં જ વપરાય છે, જ્યારે દેવાત્માઓ, ધર્માત્માઓ, મહાત્માઓ, પુણ્યાત્માઓ વગેરે તો અનેક છે. આ બધા જ પરમાત્મા નથી.

### ભગવાન કોણ છે?

ભગવાનને પ્રાપ્ત કરવા આજ સુધી અનેક ઋષિ, મુનિ, ભક્ત ગણોએ ખૂબ જ પુરુષાર્થ કર્યો, પરંતુ તેમનો પાર કોઈ જ પામી શક્યું નથી. ભગવાન યુગે યુગે નહીં પરંતુ સૃષ્ટિ પરિવર્તન સમયે જ ધર્મ સ્થાપન કરવા માટે આવે છે. ભગવાન તો સર્વ માન્ય હોવા જોઈએ પરંતુ કૃષ્ણને જો ભગવાન માનીએ તો તે સર્વ માન્ય નથી, સૃષ્ટિના તમામ ધર્મના લોકો તેમને ભગવાન તરીકે સ્વીકારશે નહીં. તેઓ બાળ શ્રીકૃષ્ણ છે, પરમપિતા નહીં.

ગીતાના અધ્યાય નવમાં શ્લોક નંબર 32માં ભગવાને જણાવ્યા પ્રમાણે વિશ્વના મનુષ્ય માત્ર ભલે તે ગમે તે ધર્મ, જાતિ કે વર્ગ નો હોય પરંતુ મારા પ્રત્યે અતૂટ શ્રદ્ધા અને ભક્તિ ભાવ હોય તો તે આ જ્ઞાનનો અધિકારી છે. જેમ મા પોતાના બાળકને સંસ્કારનું સિંચન કરી જીવનને શ્રેષ્ઠ બનાવે છે, તેવી જ રીતે ગીતાના અભ્યાસથી કોઈ પણ સ્ત્રી, શૂદ્ર કે અસુર હોય તો પણ પોતાના જીવનને શ્રેષ્ઠ બનાવી શકે છે. આથી જ ગીતા શાસ્ત્રને ગીતા માતા પણ કહેવામાં આવે છે.

પ્રાણી જગતને ચલાયમાન રાખનાર આત્મા ગર્ભમા શરૂઆતના દિવસમાં અતિસૂક્ષ્મ હોય છે. ઉંમર વધવાની સાથે સાથે પાંચ તત્વોનું શરીર યુવા, કિશોર અને વૃદ્ધ બને છે પરંતુ આત્મા તો કીડી અને હાથી બંનેમાં એક જ સાઈઝની જ્યોતિ બિંદુ સ્વરૂપ જ હોય છે. આત્માની જેમ પરમાત્મા

પણ અતિ સૂક્ષ્માતિ સૂક્ષ્મ જ્યોતિ બિંદુ સ્વરૂપ છે પરંતુ પૂજા કરવા માટે તથા દૂધ કે ફુલ ચડાવવા માટે શિવલિંગને મોટું બનાવવામાં આવે છે. આમ પરમાત્મા જ્યોતિ બિંદુ સ્વરૂપ છે, એટલે જ ભારતના બારે બાર મુખ્ય યાત્રાધામોમાં નિરાકાર જ્યોતિર્લિંગ રાખવામાં આવેલ છે.

હિન્દુ ધર્મમાં જ્યોતિ સ્વરૂપની યાદમાં જ દીવો પ્રગટાવવામાં આવે છે, ખ્રિસ્તી ધર્મમાં પણ ચર્ચમાં મોટી મીણબત્તી સળગાવવામાં આવે છે, પારસી ધર્મમાં પણ અગિયારીમાં પવિત્ર અગ્નિની અખંડ જ્યોત રાખવામા આવે છે, મુસ્લિમ ધર્મમાં પણ ભગવાનને અલ્લાહ નૂર કહેવામાં આવે છે. નૂર એટલે જ્યોતિ સ્વરૂપ. આમ, દરેક ધર્મમાં પરમાત્માને જ્યોતિ સ્વરૂપ માનવામાં આવેલ છે. ગીતા શાસ્ત્રને સર્વ શાસ્ત્ર શિરોમણી કહેવામાં આવે છે કારણ કે તેમાં દરેક ધર્મ શાસ્ત્ર, વેદ, પુરાણ, ઉપનિષદોનો સાર સમાયેલ છે.

આપણે જાણીએ છીએ કે ગીતાનો ઉપદેશ શ્રીકૃષ્ણએ અર્જુનને મહાભારતના યુદ્ધમાં આપ્યો હતો, પરંતુ અક્ષોહિણીસેનાઓની વચ્ચે, હાથીના ચિત્કાર અને ઘોડાઓના હણહણાટ વચ્ચે આ દિવ્ય જ્ઞાન બુદ્ધિમાં ઉતારવું એ અતિ કપરું કામ છે. સ્વયમ અર્જુન પણ એમ જ સમજતો હતો કે આ ગીતા જ્ઞાન મને નટખટ કાનુડા એ, જે ગાયો ચરાવનાર ગોપાલ હતો, તેણે મને સંભળાવ્યું, તેથી તેનો મોહ ભંગ થયો નહીં. પરંતુ જ્યારે ભગવાને પોતાનું વિરાટ સ્વરૂપ બતાવ્યું અને જણાવ્યું કે જો, હું તને આદેશ આપનાર કોણ છું, ત્યારે જ અર્જુન કહે છે કે હવે તમે કહેશો તેમ હું કરીશ. આ વિરાટ સ્વરૂપ અનેક સૂર્યના તેજ સમાન જ્યોતિ સ્વરૂપ હતું. અર્જુનને જ્યારે દિવ્ય દ્રષ્ટિથી આ જ્યોતિ સ્વરૂપ દેખાયું, ત્યારે અર્જુને કહ્યું કે હું આ તેજ સહન કરી શકતો નથી, તમે તમારા મૂળ સ્વરૂપમાં આવો. આમ ગીતાજ્ઞાન આપનાર કૃષ્ણના માધ્યમથી જ્યોતિ સ્વરૂપ પરમાત્મા હતા, નહીં કે શ્રીકૃષ્ણ.

શ્રીકૃષ્ણને વિષ્ણુના અવતાર માનવામાં આવે છે, જેમનું કામ ફક્ત સૃષ્ટિની પાલના કરવાનું છે. પરંતુ ભગવાન નિરાકાર જ્યોતિ સ્વરૂપ હોવાથી બ્રહ્મા દ્વારા સૃષ્ટિનું સર્જન, વિષ્ણુ દ્વારા પાલના તથા શંકર દ્વારા આસુરી સૃષ્ટિનો વિનાશ કરાવે છે, માટે જ આ ત્રિદેવના રચયિતાને ત્રિમૂર્તિ શિવ કહેવામાં આવે છે. લગ્ન પ્રસંગે પણ બ્રાહ્મણ કહેતા હોય છે કે, બ્રહ્મા દેવતાય નમઃ, વિષ્ણુ દેવતાય નમઃ, શંકર દેવતાય નમઃ, શિવ પરમાત્માયૈ નમઃ. આમ, બ્રહ્મા વિષ્ણુ શંકરનું દેવતાના રૂપમાં, જ્યારે શિવનું પરમાત્માના રૂપમાં ગાયન છે.

ભગવાન તો અજનમા છે, તેઓ કામ વિકારથી પેદા થતા નથી. તેમણે એવા પાપ કર્યા નથી કે જેથી કરીને નવ માસ ગર્ભ જેલમાં મળમૂત્રની વચ્ચે ઉલટા લટકી રહેવું પડે, એટલે જ તેમને સ્વયંભૂ કે ખુદા કહેવામાં આવે છે, સ્વયં ભૂમિ પર આવનાર કે ખુદ આવનાર. જ્યારે કૃષ્ણના માતા-પિતા તો દેવકી અને વાસુદેવ છે. ભગવાન નિરાકાર જ્યોતિ સ્વરૂપ હોવાથી તેમને મુખ નથી, માટે કલ્પના અંતમાં ભગવાન, વિષ્ણુના કલિયુગી અંતિમ જન્મ, બ્રહ્માના શરીરના માધ્યમથી બ્રહ્મા મુખ કમળ દ્વારા, આ ગીતા જ્ઞાન રુપી ગંગા વહાવે છે. પરંતુ પરિવર્તનનો આ સમયગાળો ખૂબ જ ટૂંકો હોવાથી જ્યારે નવી સૃષ્ટિની રચના થાય છે ત્યારે શ્રીકૃષ્ણ, વિષ્ણુના પ્રથમ અવતાર આ ધરા પર પ્રત્યક્ષ હોય છે, જ્યારે બ્રહ્મા, વિષ્ણુના અંતિમ અવતાર, ગુપ્ત હોવાથી કૃષ્ણને જ ગીતા જ્ઞાનદાતા માની લેવામાં આવે છે.

શાસ્ત્રોના મત પ્રમાણે ગીતા જ્ઞાન રૂપી

ગંગાને ભગીરથ રાજાએ આ ધરા ઉપર ઉતારી. ગીતાની શરૂઆતમાં જ પાંચ ઘોડાવાળા રથનું એક ચિત્ર બતાવવામાં આવે છે જેની નીચે લખેલું હોય છે કે પાંચ ઇન્દ્રિયો પાંચ ઘોડા છે, મન સારથી અને બુદ્ધિ લગામ છે. એવા આ દેહ રૂપી રથને ચલાવનાર આત્મા રથી છે. ભાગીરથીનો અર્થ થાય છે ભાગ્યશાળી રથ  અર્થાત દેહ. બ્રહ્માએ ભાગ્યશાળી રથ છે કે જેના મુખ દ્વારા સ્વયં પરમાત્મા, જ્ઞાનરૂપી ગંગા આ ધરા ઉપર વહાવે છે. શિવલિંગની સામે રાખવામાં આવતો નંદી એ બ્રહ્મા કે ભગીરથ રાજાનું જ પ્રતીક છે, જેના ગૌમુખ દ્વારા આ જ્ઞાન રુપી ગંગા સૃષ્ટિ પર વહાવવામાં આવે છે. આમ, ભગવાને ચાર પૈડા વાળા કે પાંચ ઘોડા વાળા રથમાં બેસીને ગીતા જ્ઞાન નથી આપ્યું પરંતુ, બ્રહ્માના આ દેહ રૂપી રથમાં બેસીને ગીતા જ્ઞાન આપેલું છે.

ભગવાન તો સર્વ શક્તિમાન, સર્વશ્રેષ્ઠ, સર્વજ્ઞ, સર્વોત્તમ અને સર્વમાન્ય હોવા જોઈએ પરંતુ કૃષ્ણ સર્વ શક્તિવાન પણ નથી તેમનું મૃત્યુ એક સાધારણ ભીલના બાણથી થાય છે. કૃષ્ણ સર્વજ્ઞ પણ નથી કારણ કે તેમને પણ જ્ઞાન શીખવા માટે સાંદિપની ઋષિના આશ્રમમાં જવું પડે છે. કૃષ્ણ સર્વ શ્રેષ્ઠ પણ નથી કારણ કે તેમના પણ માતા પિતા અને ગુરુ હતા, જે તેમનાથી પણ શ્રેષ્ઠ કહેવાય. કૃષ્ણ સર્વોત્તમ પણ નથી કારણ કે તેમને પણ ગોપેશ્વર મહાદેવની પૂજા કરેલી.

આમ ભગવાન તો નર થી નારાયણ બનાવવા વાળા છે. બ્રહ્મા જેવા સાધારણ નરને ગીતાજ્ઞાન આપીને સતયુગના પ્રથમ રાજકુમાર શ્રીકૃષ્ણ એટલે કે નારાયણ બનાવનાર સ્વયં જ્યોતિ સ્વરૂપ નિરાકાર ભગવાન શિવ છે. શ્રીકૃષ્ણને શ્યામ સુંદર કહેવામાં આવે છે કારણ કે તે જન્મ મરણના ચક્કરમાં આવી પતિત થી પાવન અને પાવન થી પતિત, શ્યામથી સુંદર અને સુંદરથી શ્યામ બને છે, જ્યારે શિવને હંમેશા સુંદર જ કહેવામાં આવે છે. શિવ અજન્મા હોવાથી તેમને સદાશિવ કહેવામાં આવે છે. તેઓ જન્મતા પણ નથી કે મૃત્યુ પણ નથી પામતા, જ્યારે કૃષ્ણના તો જુદા જુદા અવતારોમાં જન્મ અને મરણ થાય છે. તેમને સદા કૃષ્ણ કહેવામાં આવતા નથી. શિવને સત્યમ કહેવામાં આવે છે જ્યારે શ્રીકૃષ્ણને મહાભારતના યુદ્ધમાં અનેકવાર કપટ કરતા હોવાથી કપટી કહેવામાં આવે છે. શિવે જ ગીતા જ્ઞાન આપેલ છે. જ્યારે ભગીરથ રાજા આ જ્ઞાનરૂપી ગંગાને પૃથ્વી ઉપર, શંકર જેવા તપસ્વી, સ્થિર બુદ્ધિવાળા વૈરાગીની, બુદ્ધિ રૂપી જટામાં ઉતારે છે. ગુણોના ભંડારી શિવ છે, કૃષ્ણ તો સર્વગુણ સંપન્ન છે. શિવ અજન્મા છે તેમના માતા-પિતા કોણ છે કોઈને પણ ખબર નથી તેમનું બાળ ચરિત્ર પણ નથી જ્યારે કૃષ્ણની તો બાળલીલા ખૂબ જ પ્રસિદ્ધ છે. આમ ગીતા જ્ઞાનદાતા નિરાકાર પરમ પિતાશ્રી પરમાત્મા છે નહીં કે દેહધારી જન્મ-મરણના ચક્કરમાં આવતા શ્રીકૃષ્ણ.

વર્તમાન સમય પરમ પિતા પરમાત્મા, ગીતા જ્ઞાન અને યોગ શીખવાડવા માટે આ સૃષ્ટિ પર પધારી ચૂક્યા છે. આપ પણ બ્રહ્માકુમારીઝના કોઈપણ નજીકના સેવાકેન્દ્ર પર મુલાકાત લઈને શીખી શકો છો. ॥**ઓમશાંતિ**॥

- **કુમારોને જોઈને બાપદાદા ખુશ થાય છે. જેની ખુશી ચાલી જાય તે બ્રાહ્મણ છે? ખુશીમાં જીવનના દિવસ અને રાત સારાં લાગે છે. બ્રાહ્મણ જીવનનો શ્વાસ ખુશી છે, ખુશી નથી તો જીવન નથી. સેવામાં ખુશી પણ મળે છે અને શક્તિ પણ મળે છે. નિઃસ્વાર્થ સેવાધારીને જોઈને ખુશી થાય છે.**

## દિવ્યદર્શન

# દીદી મનમોહિનીજી

### બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

મહાયજ્ઞના આદિ રતન સૌના મનને મોહી લેનાર દીદી મનમોહિનીજીની મુખ્ય વિશેષતાઓની સ્મૃતિથી દીદી સમાન બનવાના પુરુષાર્થના સંકલ્પ રૂપે શ્રદ્ધાંજલિ અર્પણ.

સદા નિર્ભય, નીડર, નિશ્ચિંત - દીદીજી ક્યારેય કોઈ પણ વાતમાં ભયભીત ન થતાં કે ડરતાં નહિ. બાબાની શક્તિઓ ઉપર તેમને ખૂબ ભરોસો હતો, અટલ નિશ્ચય હતો તેથી તેઓ ખૂબ નિર્ભય હતાં. યજ્ઞની સામે કેવી અનેક કઠણ પરિસ્થિતિઓ આવી, તેમાં પણ તેઓ સદા નિશ્ચિત રહેતાં. કયારેય તેમણે કોઈ પ્રકારનો પ્રશ્ન કર્યો નથી. સદા પ્રસન્નચિત રહેતાં. કયારેય તેમનાં ચહેરા ઉપર કોઈ ચિંતાની એક લીટી પણ જોવા નથી મળી.

સચ્ચાઈ, સફાઈની પ્રતિમૂર્તિ - દીદીને સચ્ચાઇ ખૂબ પ્રિય હતી, જો કોઈ વ્યક્તિ પોતાની ભૂલ દિલથી સ્વીકારે તો તેને ક્ષમા પણ કરી દેતા અને તેને તે ભૂલમાંથી હવે આગળ વધવાની પ્રેરણા આપતાં. તેઓ અંદર બહાર સ્વચ્છ - સાફ હતાં.

બાળક અને માલિકપનનું બેલેન્સ - દીદી યજ્ઞના માલિક હતાં, પરંતુ તેમના જીવનમાં બાળક અને માલિકપનનું અદ્દભુત બેલેન્સ હતું. જે વાત સાચી અને યોગ્ય હોય તો તે વાત સૌને માલિક બની અધિકારથી કહેતાં પરંતુ જો બધા તે વાતમાં સંમત ન હોય કે એકમત ન હોય તો, તેઓ બાળક બનીને તે ભૂલી પણ જતાં. તેઓ ક્યારેય કોઈની સાથે ચર્ચા કરવામાં કે ડીબેટ કરવામાં સમય વ્યર્થ કરતાં ન હતાં. દીદી બાળક બની બાબાની આંગળી પકડી યજ્ઞના દરેક વિભાગોમાં આંટો મારતાં. ત્યારે બાબા કહેતાં કે તમે અત્યારે બાબાની આંગળી પકડી છે, ભવિષ્યમાં શ્રીકૃષ્ણ તમારી આંગળી પકડીને ચાલશે. તેવો તેમને આંતરિક નશો છે ને?

યજ્ઞરક્ષક, યજ્ઞ સેવાધારી - દીદીની રગે-રગમાં યજ્ઞ માટે ખૂબ અતૂટ પ્રેમ હતો. યજ્ઞને કોઈ પણ પ્રકારે આંચ ના આવે, તેના માટે તેઓ ખૂબ જ ધ્યાન રાખતા. દરેકને યજ્ઞની અમાનતને સાચવવાનું - સંભાળવાની નિશ્વાર્થ સેવા કરવાની પ્રેરણા આપતા.

સફળ કરવા અને સફળ કરાવવામાં નંબર વન - દીદીજીએ સેકડો લોકોનું તન, મન, ધનને સફળ કરાવ્યા. યજ્ઞને કોણ સાચવી શકે છે? કોણ યજ્ઞને સંભાળી શકે? તેવા આત્માઓની જીવન કહાની દીદી સાંભળી, ઓળખીને તેવા આત્માઓને સમર્પિત કરાવ્યા. તેમના હૃદયમાં યજ્ઞ માટે માન વધાર્યું, તેમનામાં યજ્ઞ માટે ખૂબ ભાવનાઓ ભરી.

લવ અને લોનું બેલેન્સ - દીદી અલૌકિક માંના સ્વરૂપમાં બધાને ખૂબ જ સ્નેહ-પ્રેમ આપતા. દરેક પ્રકારે યજ્ઞવત્સોની ખાવા-પીવા, પહેરવા-ઓઢવા, રહેવાની વગેરે સુવિધા આપતા. તેમના સ્વાસ્થ્યનું પણ ખૂબ ધ્યાન રાખતા. પરંતુ ક્યારેય જો કોઈ ઈશ્વરીય નિયમ અથવા મર્યાદાઓમાં ઢીલા પડતા કે આળસ કરતા અથવા જો કોઈ મર્યાદાઓનું ઉલંઘન કરતાં તો, તેને તરત જ કડક સજા આપતા અથવા તેને વ્યક્તિગત

બોલાવી સીધો ઈશારો આપતા.

મર્યાદા પુરુષોત્તમ સ્થિતિ - દીદી પોતે ઈશ્વરીય મર્યાદાઓના કંગન બાંધીને રાખતા અને બધાને તે ઈશ્વરીય મર્યાદાઓ ઉપર ધ્યાન પણ અપાવતાં. બ્રાહ્મણ સો દેવતા બનવાવાળા આત્માઓને વિશેષ સંગદોષ કે અન્નદોષ ના લાગે, તેના માટે દીદી પહેલેથી એ જ શિક્ષા આપતા કે સંગથી પોતાની સંભાળ કરો. પવિત્રતાના વ્રતને ક્યારેય ખંડિત થવા દેવું નહીં. બ્રહ્મચર્યની સાથે બ્રહ્માચારી પણ બનીને રહેવું.

ઓલ રાઉન્ડ એક્યુરેટ અને એલર્ટ - દીદીનું ધ્યાન યજ્ઞની ઓલરાઉન્ડ સેવા ઉપર રહેતું. તે મુરલી ક્લાસ પછી પોતે ભંડારામાં આંટો મારી, થોડો સમય બધાં સાથે બેસી શાકભાજી કાપવામાં મદદ કરતાં. નિયમિતતા અને ચોક્કસાઈ તેમના જીવનમાં બાબાએ જાણે કે ખૂબ કુટી-કુટીને ભરી હતી. સાકાર બાબાના અવ્યક્ત થયા બાદ બધી ટપાલોના જવાબ પોતે બેસીને લખતા અથવા કોઈની પાસે લખાવતા. દીદીએ ક્યારેય કોઈ સેવા કાલે કરીશું તેમ કાલ ઉપર બાકી રાખી ન હતી. રોજે રોજની જે સેવાઓ જ્યારે જરૂરી લાગે તે સમયે એલર્ટ બનીને સેવા કરી અને કરાવી.

સ્વમાનધારી અને સન્માન દાતા - સર્વ શક્તિવાન બાબા આપણા સાથી છે, દીદી કાયમ આ સ્વમાનમાં રહેતા અને બધાને દિલથી ખૂબ સન્માન આપતા. જો કોઈ પોતાની સેવા સમયસર સચ્ચાઈથી કરે તો દીદી તે આત્માને એટલું જ સન્માન આપતા, તેની વિશેષ પાલના પણ કરતા, તેમને ખાસ કોઈ સૌગાત પણ આપતા. દીદીના દિલમાં યજ્ઞના સાચા સેવાધારીઓ માટે ખૂબ સન્માન હતું.

યોગી અને કર્મયોગી જીવનના આદર્શ - દીદી સ્વયં યોગના ખૂબ ઊંડાણવાળા અનુભવોમાં સદા રહેતા. અમૃતવેળા વિશેષ પોતે જાતે સૌને સંગઠિત રૂપમાં યોગમાં બેસાડી ડ્રીલ કરાવતા. સાથે-સાથે કર્મ કરતાં યોગમાં કેવી રીતે રહેવું? તેના ઉપર પણ સૌનું ધ્યાન ખેંચાવતા. અવ્યક્તરૂપે યજ્ઞનો કારોબાર નિર્વિઘ્ન રૂપે ચલાવવા માટે દીદી વચ્ચે-વચ્ચે મૌન અને અવ્યક્ત ભાષા દ્વારા સૌને મૌનની શક્તિ વધારવાની પ્રેરણા આપતા.

**॥ ઓમશાંતિ ॥**

- **આવ નહીં, આદર નહીં, નહીં નયનોમાં નેહ,**
  **તે ઘેર કદી ના જઈએ ભલે કંચન વરસે મેક.**
- **નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે,**
  **ખબર છે એટલી કે માતની હાકલ પડે છે.**
- **ખુશીમાં રહેનારને અનેક તકો મળે છે.**

**(પેજ નં. 15નું અનુસંધાન)... મહાવીર અર્થાત્**

હનુમાન અર્થાત્ મહાવીર. મહાવીર કેવા હોય છે, કોને મહાવીર કહેવાય છે? જેણે અભિમાન અને અનુમાનનું હનન કર્યું છે. બ્રાહ્મણોમાં અભિમાન અને અનુમાન માયા બનીને આવે છે. જરૂર આવું હશે. આ વાત જરૂર હશે તેથી તો કહ્યું અનુમાન વધતું જશે તો કદી મહાવીર બની શકશો નહીં.

એમ કહેવાય છે હનુમાનને પોતાની સ્મૃતિ, વિસ્મૃત થઈ ગઈ હતી. સૌએ તેમને યાદ કરાવ્યું કે તમારામાં કેટલી શક્તિ છે, અગણિત શક્તિ છે. તમે આ રીતે હિંમત હારીના શકો. તમારે તો રામના મદદગાર બનવાનુંછે. અસંભવને સંભવ કરી દેવાનું છે. હનુમાન સ્મૃતિ સ્વરૂપ બન્યા તો સમુદ્રને પાર કરી શક્યા. બાબાએ આપણને અગણિત શક્તિઓ આપી છે માત્ર તેને સ્મૃતિમાં લાવીને ઈશ્વરીય સેવા કરવાની છે.

**॥ ઓમશાંતિ ॥**

# જગતગુરુ

બ્ર.કુ. નીતાબેન, પાટણ

આપણે ગતિ સદ્દગતિ માટે ગુરુ કરીએ છીએ. સુખ શાંતિમય જીવન પ્રાપ્ત કરવા માટે ગુરુની આશિષ, કૃપા, દુઃઆ મેળવી ધન્યતા અનુભવીએ છીએ. જીવનમાં સાચા શ્રેષ્ઠ ગુરુ મળે એવી શુભ આશાએ આપણે જીવનભર સાચા ગુરુને શોધતા જ રહીએ છીએ. ગુરુ તો અનેક હોય છે. પરંતુ આપણી જેમના પ્રતિ આસ્થા - શ્રધ્ધા બેસે તેને જ આપણે ગુરુ તરીકે જીવનમાં સ્થાન આપીએ છીએ.

આપણે શાસ્ત્રોમાં એવું સાંભળતા આવ્યા છીએ. 'ગુરુ બિન ગતિ નહીં' ગુરુ વિના સદ્દગતિનો માર્ગ કોણ બતાવે? ગુરુને જ જીવનના ઉધ્ધારક. પ્રભુ મિલનના આધાર. સ્વર્ગનો પાસપોર્ટ અપાવનાર, ઘરનો રસ્તો બતાવનાર એવા અનેક રુપોથી યાદ કરીએ છીએ. ગુ-એટલે અંધકાર અને રુ - એટલે દૂર કરનાર. ગુરુ એ જ છે જે આપણને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જનાર છે. ગુરુઓ અનેક પ્રકારના હોય છે. દત્તાત્રેયની જેમ જેમણે પણ કંઈક શીખવ્યું તે બધા જ આપણા ગુરુ જ છે. જુદા જુદા ગુરુઓનું સ્થાન અને મહત્વ પણ આપણા જીવનમાં અનેરું હોય છે.

**માતા ગુરુ -** બાળપણથી સૌ પ્રથમ તો માતા જ ગુરુ બને છે. આપણા જીવનને શ્રેષ્ઠ બનાવવા, ગુણોથી શ્રૃંગારીત કરતી રહે છે. અને અવગુણોની ધૂપથી બચાવે છે. માતા જ આપણા જીવનમાં સંસ્કારોથી સભર બનાવવાના પાઠ ભણાવે છે. નાનામાં નાની કમી તરફ દિશા નિર્દેશ કરી જીવનના ચિત્રને સુંદર બનાવવા સતત પ્રયત્નશીલ રહે છે.

**શિક્ષક ગુરુ -** બાલમંદિરથી લઈને ડીગ્રી સુધી પાટી પેન પકડીને એકડા, ભાષા અને વિવિધ વિષયોનું જ્ઞાન આપી આપણને ભૌતિક જગતના પદાર્થોથી માહિતગાર કરે છે. ડીગ્રી દ્વારા લાયક બનાવીને આજીવિકા માટેનું ઉત્તમ ઉપાર્જન કરાવનાર શિક્ષક જ આપણા ગુરુ છે. જેમણે આપણને પોતાના જીવનના અનુભવોના આધારે પાઠ ભણાવે છે. માતા-પિતાની જેમ અવગુણો, ખરાબ આદતોથી બચાવી શકે છે.

આધ્યાત્મ માર્ગમાં પણ આપણા અનેક ગુરુઓ રહેલા છે.

**કંઠી ગુરુ -** કંઠી ગુરુ જે આપણને કંઠી પહેરાવીને સાથે સાથે ગુરુએ આપેલી શિક્ષાઓ સાથે જોડાઈ રહેવાની શિક્ષા આપે છે. કંઠી ગળામાં પહેરીને આપણે ગુરુએ કહેલી વાતને જીવનમાં ધારણ કરવાની તૈયારી દર્શાવીએ છીએ. કોઈ પણ વ્યક્તિ કંઈક વાત કહે અને તેને આપણે સ્વીકારીએ છીએ તેના પ્રતીક રૂપે તુલસીના મણકાની કંઠી ગુરુ દ્વારા આપવામાં આવે છે. આવી કંઠી પહેરીને ધન્યતા અનુભવીએ છીએ. કંઠીની વિશેષતા એ છે કે જૂદા જૂદા મણકાને એક દોરામાં પરોવીને રાખે છે. તેમ આપણે પણ ઘર પરિવાર, સમાજમાં રહીએ છીએ ત્યારે જુદા જુદા વિચારો ધરાવતા લોકોની સાથે પણ તાદાત્મ્ય સાધીને સ્નેહના ધાગા વડે સર્વની સાથે જોડાઈને સુખમય જીવન બનાવવાની પ્રેરણા આપે છે.

**કાન ગુરુ -** કાન ગુરુ એટલે ગુરુ વડે કાનમાં કંઈક કહેવાની પ્રક્રિયા દ્વારા ગુરુપણું સ્વીકારવાનું. ઘણા ગુરુઓને કાન ગુરુ એટલા માટે કહેવામાં આવે છે કે ગુરુ શિષ્યોને કાનમાં ફૂક મારે એટલે જિજ્ઞાસુ તેમને ગુરુ તરીકે સ્વીકારે છે.

ગુરુ કાનમાં ફૂક મારે એટલે આપણું જીવન ધન્ય બની જાય. એવું માનીને કાન ગુરુ કરાવવા માટે પણ ઘણા ભક્તોની ભાવના હોય છે.

કાન ગુરુનો વાસ્તવિક અર્થ તો એ છે કે કોઈપણ વ્યક્તિ પોતાના સ્નેહીજનની કમીને ક્યારેય બધાની વચ્ચે કહેતા નથી. કાનમાં ઈશારો આપે છે. જીવનના પથ પર અનેક આરોહ અવરોહ વચ્ચે આવતા અનેક ઉતાર ચઢાવમાં આપણા વડીલો, સ્નેહીજનોને આપણા માટે ઈશારો યોગ્ય લાગે ત્યારે તે આપણને કાનમાં કહેતા હોય છે. વડીલો સ્નેહીજનો દ્વારા આપવામાં આવતા ઈશારાને આપણે કાનમાં ગ્રહણ કરીએ છીએ.

**મંત્ર ગુરુ -** ગુરુ મંત્ર દ્વારા આપણને શિક્ષા આપી જીવનમાં સદ્ગતિ માટે રાહ બતાવવામાં આવે છે. મંત્ર એટલે કોઈપણ એવું વાક્ય કે શબ્દ છે જેનું વારંવાર રટણ કરવાથી પ્રભુની યાદ આવે. વારંવાર આવા મનન, ચિંતન, રટણથી આત્મા શુદ્ધ, પવિત્ર બને છે. આપણા વિચારો શુદ્ધ બનીને આપણું આચરણ શ્રેષ્ઠ બને છે. માટે મંત્રનું વારંવાર રટણ કરવાનું ગુરુઓ દ્વારા કહેવામાં આવે છે. પરંતુ જો આપણે ગુરુએ આપેલા મંત્રને જ માત્ર રટણ કરીએ તેના અર્થને જાણવાનો પ્રયાસ ન કરીએ તો ઉંચામાં ઉંચા મંત્રોનો પણ શો અર્થ?

મંત્ર શબ્દનો અર્થ છે મંત્રણા, સલાહ, સૂચન. મનને આપણે વારંવાર સલાહ આપીએ છીએ કે 'હે મન તારે આ જ શ્રેષ્ઠ વિચારો કરવાના છે. પ્રભુની યાદમાં જ રહેવાનું છે. આ માટે મંત્રનું વારંવાર રટણ કરવામાં આવે છે. પરંતુ મંત્રણા પ્રમાણે કાર્ય ન થાય તો મંત્ર શા કામનો?

દા.ત. આપણે ઓમ નમો શિવાય મંત્રનો જાપ કરીએ પરંતુ સાચા અર્થમાં શિવને નમન ન કર્યું તો તેનો શો અર્થ ? ઓમ નમો શિવાયનો અર્થ છે હું શિવને નમન કરું છું. આપણે શિવને યાદ જ ન કર્યા તો મંત્ર રટણ કરવાનો શો અર્થ?

આમ અનેક ગુરુઓ દ્વારા આપણે જીવનને સંવારવા, શણગારવા પ્રયત્ન કરતા રહીએ છીએ. ગુરુઓ પોતાના જ ધર્મના આત્માઓના ગુરુ બને છે. પરંતુ આ બધા ગુરુઓના ગુરુ જગતગુરુ પણ કોઈ છે માટે જ તો ગીતામાં એક શ્લોકમાં વર્ણન છે કે 'પરિત્રાણાય સાધુનામ.' તેમાં વર્ણન છે કે સાધુઓનો પણ ઉદ્ધાર કરવા માટે મારે આવવું જ પડે છે. તેનો અર્થ ગુરુઓના પણ સતગુરુ કોઈ છે જે સર્વ ગુરુઓનો પણ ઉદ્ધાર કરવાવાળા છે. વિશ્વના સર્વ આત્માઓના ગુરુ તો એક પરમપિતા પરમાત્માને જગત ગુરુ કહેવામાં આવે છે. સર્વ સાધુ, સંત,ગુરુઓ પણ પરમાત્માને યાદ કરે છે અને ઉદ્ધાર માટે પ્રાર્થના કરે છે. પરમાત્મા સર્વના ઉદ્ધારક, કૃપાલુ, દયાના સાગર છે. જ્ઞાનના સાગર છે. સર્વ ધર્મોના શાસ્ત્રોનો પણ સાર સમજાવે છે. માટે જ પરમાત્માને જગતગુરુ કહેવામાં આવે છે. ॥ઓમશાંતિ॥

**(પેજ નં. 32નું અનુસંધાન)... વેકેશનની મજા**

એટલે આપણે લોકો હર એક કાર્યમાં અથવા તો પ્રવૃત્તિ માઈન્ડથી કરતા હોઈએ છીએ જ્યાં લાગણીઓને સ્થાન નથી. તો વેકેશનમાં જો વિદ્યાર્થીઓને કોઈ એક ક્લાસમાં મૂકીએ તો એમાં કોઈ જાતનો વાંધો નથી પરંતુ બે ચાર જગ્યાએ છોકરાને જોઈન્ટ કરાવી એનો આખો દિવસ બગાડવાનો પેરેન્ટ્સને કોઈ અધિકાર રહેતો નથી. એના કરતાં ઘરની અંદર એક લાગણીભર્યું વાતાવરણ હોય, ઉષ્માભર્યું વાતાવરણ હોય અને એકબીજા ઉપર માન ઉપજે એવા કાર્યો કે પ્રવૃત્તિઓ જો ઘરની અંદર જ થાય તો જે સંબંધો છે, એ સંબંધો વધારેમાં વધારે ગાઢ થશે એવું મારું માનવું છે. કચ્છ મહેક ન્યુઝ તરફથી આપ સૌને વેકેશન મુબારક. ॥ઓમશાંતિ॥

# શું ગીતા ઉપર સંશોધન જરૂરી છે?

બ્ર.કુ. ઈશ્વરભાઈ પટેલ, ઊંઝા

હા, ગીતા ઉપર સંશોધન કરવું ખૂબ જ જરૂરી છે. કારણ કે ગીતાજ્ઞાન અધર્મોનો નાશ કરી સતધર્મની સ્થાપના માટે આપેલું 'यदा यदा ही धर्मस्य' તો ગીતાની હાજરી સર્વત્ર હોવા છતાં અધર્મ, અનીતિ, અત્યાચાર, પાપાચાર વગેરે વિશ્વમાં કેમ વધી રહ્યાં છે? શું ગીતાના એ ગ્રંથથી દૂર નહિ થાય? શું પરમાત્માને રૂબરૂ જ આવવું પડશે? શું તેઓ અવતાર ધારણ કરી આવશે તો તેઓ એ જ ગીતાજ્ઞાન આપશે જે આપણે ગીતામાં દરરોજ વાંચીએ છીએ? આ એક ઉકેલ માગી લે તેવો કોયડો છે. તો આવો આપણે ગીતામાંના એ રહસ્યો જાણીએ જે કોઈને કલ્પનામાં પણ નથી.

## અસલ ગીતાજ્ઞાન ગુપ્ત રીતે અપાય છે

ગીતાજ્ઞાન દાતાએ ગીતામાં સ્પષ્ટ કહ્યું છે કે તેઓ દુનિયામાંથી અધર્મોનો નાશ કરી સતધર્મની સ્થાપના કરવા અસલ ગીતા જ્ઞાન આપવા જ્યારે આવશે ત્યારે ગુપ્ત વેશે જ આવશે. જેની સામાન્ય માણસોને ખબર પણ નહિં પડે જુઓ નીચેના શ્લોક જે તેની પુષ્ટિ કરે છે.

અ. 7 શ્લો. 25 - પોતાની યોગમાયા વડે ઢંકાયેલો હું સૌને પ્રત્યક્ષ નથી થતો માટે અજ્ઞાની જનસમુદાય મુજ અજન્મા અવિનાશી પરમેશ્વરને નથી ઓળખી શકતા.

અ. 9 શ્લો. 11 - મૂઢ માણસો સંસારના ઉધ્ધારને અર્થે મનુષ્ય સ્વરૂપે વિચરતા મુજ પરમેશ્વરને સામાન્ય માણસ ગણે છે.

અ. 10 શ્લો. 2 - મારી અવતાર ધારણ કરવાની અલૌકિક લીલાને નથી દેવતાઓ જાણવા કે નથી તો મહર્ષિઓ જાણતા.

અ. 11 શ્લો. 8 - તુ આ પોતાનાં સ્થૂળ ચક્ષુઓથી જોઈ શકવા સમર્થ નથી માટે હું તને અલૌકિક ચક્ષુ આપું છું.

આથી સ્પષ્ટ થાય છે કે જો અસલ ગીતાજ્ઞાન શ્રીકૃષ્ણે લાખો યોદ્ધાઓની વચ્ચે રણમેદાનમાં આપ્યું હોય તો ગુપ્ત શી રીતે કહેવાય? ગીતામાં અ. 4 શ્લો. 2 અને 4માં શ્રી કૃષ્ણ એવું કહે છે કે તારા અને મારા જન્મ પહેલા પણ આ જ્ઞાન દુનિયામાં હતું પરંતુ લુપ્ત થઈ ગયેલ છે. તો પ્રશ્ન થાય કે અસલમાં સૌ પ્રથમ આ જ્ઞાન કોણે વિશ્વમાં આપેલું જેને શ્રીકૃષ્ણ રીપીટ કરી રહ્યા છે.

ગીતામાં અ. 4 શ્લો. 1માં સૂર્યનું નામ પ્રથમ આવે છે તે સૂર્ય પ્રકાશ આપવાવાળો કે બીજો કોઈ જેવો કે જ્ઞાનસૂર્ય, પરબ્રહ્મ, નિરાકાર, અજન્મા, જ્યોતિ સ્વરૂપ પરમાત્મા જેમને શ્રીકૃષ્ણે પણ ગોપેશ્વરમાં શિવલિંગ સ્થાપી પૂજા કરેલી તે.

## ગીતામાં વર્ણિત યુદ્ધનું મેદાન - કુરુક્ષેત્ર કે કર્મક્ષેત્ર

ગીતાજ્ઞાન શું રણમેદાનમાં અપાયું કે બીજી કોઈક જગ્યાએ? રણમેદાન તો મરવાની અને મારવાની જગ્યા છે. શું મનુષ્યોનો સંહાર કરીને ધર્મની સ્થાપના થાય? ફક્ત સંહાર કરવાથી જ વિશ્વ પરિવર્તન થવાનું હોય તો ગીતામાં યોગ સત્કર્મોનું જ્ઞાન તથા કામ-ક્રોધ ઉપર વિજય મેળવવાની શી જરૂરછે. જુઓ નીચેના શ્લોક.

અ. 3 શ્લો. 37 થી 41 - **કામ, ક્રોધ** મહાશત્રુ છે. એ મહાપાપી **કામ વિકાર**ને તુ હણી નાખ.

અ. 5 શ્લો. 27-28 - અહીં **યોગની વિધિ** બતાવી છે.

અ. 6 - **યોગની વિધિ** તથા **તેનાથી પ્રાપ્તિ** પૂરા અધ્યાયમાં વર્ણવેલી છે.

અ. 17 શ્લો. 21 - **કામ, ક્રોધ તથા લોભ** નર્કનાં દ્વાર છે.

અ. 17 શ્લો. 14 - દેવો, બ્રાહ્મણ, ગુરુજનો અને જ્ઞાનીઓનું પૂજન, પવિત્રતા, **બ્રહ્મચર્ય** અને **અહિંસા** - શરીરનું તપ કહેવાય છે.

આથી સ્પષ્ટ થાય છે કે લેખકે ગીતાને રણ-મેદાનમાં ગોઠવીને ગીતાનું ભયંકર અવમૂલ્યન કરી નાખ્યું છે. ગીતાપાઠી યુદ્ધ કરે જ નહિ તે તો યોગી હોય, નષ્ટમોહ થયેલ હોય તે શું કામ હિંસા કરશે? અર્જુને કૌરવોને મારીને શું મેળવ્યું? કશું જ નહિ, આથી હવે ગીતા જ્ઞાનને સાચી રીતે સમજવાની અને મૂલવવાની જરૂર છે. ઈતિહાસ-કારો કહે છે કે વ્યાસે રચેલી ગીતા નઃસંપ્રદાય રચના હતી પાછળથી કૃષ્ણપંથીઓએ ગીતામાં જે ભૂલો કરી છે તે સુધારવી જ પડશે તો જ ગીતાને વિશ્વનું સર્વોચ્ચ સ્થાન મળશે. અન્યથા નહિ.

## અસલ ગીતાજ્ઞાન તો કલ્કિ અવતાર જ આપે છે

ભગવાનના 24 અવતાર માનવામાં આવે છે. વધુમાં દશાવતાર પણ પ્રચલિત છે. અને યુગે યુગે આવવાની ગીતાની વાત માનીએ તો 4 યુગના 4 અવતાર જ થાય. આ બધાની વચ્ચે સત્ય શું હોઈ શકે તે તપાસીએ. 24 અવતારમાં 20 તો રુપક પ્રકારના છે. પછીના ત્રણ રામ, કૃષ્ણ અને બુદ્ધ ઐતિહાસિક છે. અને છેલ્લો છે કલ્કિ અવતાર. જે કલિયુગને અંતે વિશ્વ પરિવર્તન કરી સતયુગ લાવનાર છે. આ કલ્કિ અવતાર થઈ ચૂક્યો છે. તેવું વિશ્વના અનેક મહર્ષિઓ અને તત્વવેત્તાઓ કહી રહ્યા છે. આ અવતારની સંપૂર્ણ માહિતી જોઈએ.

કલિયુગને અંતે અધર્મોનો વિનાશ કરી સતયુગી પાવન દેવીદેવતા ધર્મની સ્થાપના માટે પરમાત્મા શિવ જેઓ અજન્મા હોવાથી બ્રહ્માના તનમાં પરકાયા પ્રવેશ કરી. અસલ ગીતાજ્ઞાન આપે છે. ઈતિહાસકારો પણ કહે છે કે કૃષ્ણ-અર્જુન સંવાદ વાળી ગીતા ઓરીજીનલ નથી. રાધા-કૃષ્ણના ગીતા પેજ - 17માં અને Religions of India (1609)ના પેજ 396માં ઈતિહાસકાર હોપકિંસે લખ્યું છે કે મૂળ ગીતા નિ:સંપ્રદાય રચના હતી. પછી તેમાંથી વિષ્ણુગાથા કરતી કવિતા રૂપે બનાવી અને તે બાદ ઈ.સ. 100 આસપાસ કૃષ્ણ-અર્જુન સંવાદવાળી ગીતા બની. બીજા ઈતિહાસ-કાર ફર્કુહારે Relions of India (1620) પેજ 12-14માં લખે છે કે ગીતા પહેલાં ઉપનિષદના રૂપમાં હતી બાદમાં કૃષ્ણવાદીઓએ વર્તમાન સ્વરૂપ આપ્યું. આમ પરમાત્મા શિવે ગયા કલ્પના કલિયુગને અંતે આપેલ જ્ઞાન તે જ સાચું ગીતા જ્ઞાન છે. જે હવે ફરી આપના કલ્કિ અવતાર સ્વરૂપે આપણી વચ્ચે ઉપસ્થિત છે. તેમણે જ આ બ્રહ્માકુમારીઝ વિશ્વ વિદ્યાલયની સ્થાપના કરી છે.

## ગીતામાં જોવા મળતી એક નવીનતા

ગીતામાં એક નવીનતા જોવા મળે છે જે બાબતમાં હજુ સુધી કોઈ તેનો ભેદ ઉકેલી શક્યું નથી. તે શું નવીનતા છે તે જોઈએ. ગીતામાં ઘણી જગ્યાએ શ્રીકૃષ્ણ પોતે પરમાત્મા ન હોય અને બીજા જે અસલ પરમેશ્વર કહો, પરમાત્મા કહો તે અલગ હોય તે જ્યોતિસ્વરૂપ છે, અજન્મા છે તેને યાદ કરવાનું કહે છે. અને ઘણી જગ્યાએ શ્રીકૃષ્ણ પોતે જ પરમાત્મા બની જતા હોય છે અને કહે છે કે તું મને જ યાદ કર, હું તારા સર્વ પાપ બાળી નાખીશ. આમ ગીતામાં ઘણી જગ્યાએ શ્રીકૃષ્ણ પોતે પરમાત્મા હોય તે રીતે વર્તે છે અને ઘણી જગ્યાએ પરમાત્મા અલગ છે તે અતિ સૂક્ષ્મ

જ્યોતિ સ્વરૂપ છે તેવું કહી રહ્યા છે. જુઓ નીચેના શ્લોક.

અ.8 શ્લો.8 - તે **પરમ પ્રકાશ સ્વરૂપ** છે.

અ. 8 શ્લો. 9 - તે સર્વજ્ઞ, અનાદિ, સૌના નિયંતા સૂક્ષ્મથીય **અતિ સૂક્ષ્મ સૂર્ય સમાન** નિત્ય, ચેતન **પ્રકાશ સ્વરૂપ** છે.

અ. 13 શ્લો. 14 - એ સઘળી ઈન્દ્રિયોના વિષયોને જાણનારો છે છતાં **ઈન્દ્રિયો વિનાનો** છે.

અ. 13 શ્લો. 15 - એ **સૂક્ષ્મ** હોવાને લીધે જાણી શકાતો નથી.

અ. 13 શ્લો. 16 - એ વિષ્ણુ દ્વારા પોષણ કરનારો, રુદ્ર રૂપે સંહાર કરનારો અને બ્રહ્મા રૂપે સર્વને ઉત્પન્ન કરનારો છે.

અ. 13 શ્લો. 17 - પરબ્રહ્મ **જ્યોતિઓનો પણ જ્યોતિ** તેમજ માયાથી સાવ પર છે.

અ.18 શ્લો.62 - હે ભારત, તુ સર્વ રીતે એ **પરમેશ્વરને જ શરણે જા**. એ પરમાત્માની કૃપાથી જ તું પરમ શાંતિ પામીશ.

આવું ગીતામાં જોવા મળે છે તેનું શું કારણ છે તે જાણીએ. જ્યારે અસલ ગીતા જ્ઞાન પરમાત્મા શિવ, બ્રહ્માના તનમાં પરકાયા પ્રવેશ કરીને આપે છે જેને જ્ઞાનમુરલી કહેવાય છે જે વિશ્વના દરેક બ્રહ્માકુમારીઝના કેન્દ્રો ઉપર દરરોજ સંભળાવવામાં આવે છે. તેમાં અમુક બ્રહ્માના વાક્યો હોય છે અને જ્યારે પરમાત્મા શિવની પ્રવેશતા થાય ત્યારના વાક્યો અલગ પ્રકારના હોય છે. બ્રહ્મા બોલતા હોય ત્યારે એમ કહે છે કે આપણે સૌએ શિવ પિતાને યાદ કરવાના છે. અને પરમાત્મા શિવની પ્રવેશતા થાય પછીના શબ્દો એવા હોય છે કે બાળકો પોતાને આત્મા સમજી મને જ યાદ કરો. હું જ સર્વ પાપ ભસ્મ કરીશ. ગીતાશાસ્ત્ર પણ આ જ્ઞાનના મળેલા અવશેષો ઉપરથી બનેલી હોવાથી તેમાં પણ આ પ્રમાણેનાં વાક્યો જોવા મળે છે.

વ્યાસે રચેલી ગીતા ઉપરથી ભલે કૃષ્ણવાદીઓએ ગીતા બનાવી ત્યારે શિવનું નામ અદ્રશ્ય કરી દીધું પરંતુ ઉપરોક્ત શ્લોકોમાં સ્પષ્ટ દેખાય છે કે શ્રીકૃષ્ણ અર્જુનને તે પરમેશ્વરને શરણે જવાનું કહે છે જે સૂક્ષ્મ જ્યોતિસ્વરૂપ છે, અજન્મા છે, બ્રહ્મા, વિષ્ણુ, શંકરના રચયિતા છે. તો તે શિવ જ છે બીજું કોઈ નહિ પરંતુ શિવ, શંકરને એક કરીને શાસ્ત્રકારોએ હિંદુ સનાતન ધર્મનું સત્યાનાશ કરી દીધું છે. આવું ન કર્યું હોત તો ગીતાના ભગવાન નિરાકાર, જ્યોતિસ્વરૂપ શિવ તો વિશ્વભરમાં પૂજાય છે. મુસ્લિમો મક્કામાં ગોળ પથ્થર જેને સંગ-એ-અસ્વાદ કહે છે જે શિવલિંગ આકારનો છે તેની પ્રદક્ષિણા કરે છે અલ્લાહ અને અકબર પણ નિરાકારનાં જ નામ છે ઇસુખિસ્તે પણ કહ્યું God is Light શીખધર્મમાં પણ એક અકાલ અવિનાશી નિરાકારની માન્યતા છે. ભારતમાં તો બાર જ્યોર્તિલિંગ તથા ગામેગામ શિવલિંગ રૂપે તેમની પુજા થઈ રહી છે.

આથી હવે ગીતાના મૂળ જ્ઞાનદાતાને અર્થાત્ નિરાકાર, જ્યોતિસ્વરૂપને જાણીશું તો જ તેમની સાથે યોગ લગાવી આપણે પણ જ્યોતિ આત્મા છીએ (દેહ નથી) તે પાકુ થશે અને કામ, ક્રોધ આદિ વિકારો દૂર થશે. બાકી દેહધારીઓની યાદથી આપણું દેહભાન નહિ જ છૂટે અને વિકારો પણ નહિ છૂટે આથી ગીતાજ્ઞાનનો જીવનમાં અમલ પણ નહિં થાય. ફક્ત ગીતાના શ્લોકો કંઠસ્થ કરવાથી કશુ ફાયદો નથી. તો આવો ગીતાના ઓરીજીનલ જ્ઞાનદાતા ફરી સૃષ્ટિ ઉપર ગુપ્ત વેષે આવી ચુક્યા છે. તેમને જાણો અને 21 જન્મોનું ભાગ્ય બનાવી લો. કલિયુગનો મહાવિનાશ નજીકમાં જ છે. **॥ ઓમશાંતિ ॥**

# વેકેશનની મજા કે મજાનું વેકેશન

## બ્ર.કુ. અમૃતલાલ મહેશ્વરી

વેકેશન શબ્દ માત્ર આપણે લોકો વિદ્યાર્થીઓ સાથે જોડીએ છીએ પરંતુ એવું નથી કારણ કે કોઈ પણ રૂટીન લાઈફને સતત જીવતા જીવતા ક્યારેક એમાં આનંદ ઉલ્લાસ ઘટે છે અથવા તો એ પ્રવૃત્તિ તરફ આપણો લગાવ ઓછો થાય છે ત્યારે મન કંઈક નવું ઝંખે છે. આ ઝંખનાને નવા જમાના પ્રમાણે શબ્દ મળ્યો છે વેકેશન.

વેકેશનમાં માત્ર સમય પસાર કરવાની વાત નથી એની સાથે ઘણી બધી લાગણીઓ વણેલી છે. લાગણીઓ મુખ્યત્વે આપણા કુટુંબ સાથે હોય કે વધારે પડતા આપણા જીવનને સ્પર્શતા વિષયો સાથે હોય એ જરૂરી છે. દરેક લાગણીને દરેક વ્યક્તિ સાથે આપણે શેર કરીએ એ જરૂરી નથી. પણ અમુક લાગણીઓને શેર કરવા વેકેશન એક એવો બ્રેક છે કે જ્યારે જીવનની એક ભાગદોડને બ્રેક આપે છે. આપણે આપણા મનની અંદર એટલે કે મન ભાવતું કંઈક કરવાનું વિચારીએ છીએ ખાસ કરીને કુટુંબની વાત કરીએ તો કુટુંબના લોકો જોડે મળવાની એમના ભાવને સમજવાની હોય છે, જેને આજકાલ વાતો કહેતા હોઈએ છીએ એવા તો કરતા વધુ આપણે એની ભાવનાઓને, લાગણીઓને સમજીએ તો જે શબ્દ/ભાવ છે એ સાર્થક થાય. ઘણા લોકો નવા નવા સ્થળોની મુલાકાતો લે છે. ઘણા બિઝનેસ સાથે જોડાયેલા લોકો પણ નવા સ્થળે કંપની પોતાના સ્વખર્ચે પણ મોકલતી હોય છે. એટલા માટે કે તેમના જીવનમાં થોડોક બદલાવ આવે, એ રૂટિન લાઈફમાંથી નીકળી, જીવનમાં કંઈક રસ ઉત્પન્ન કરે. કંઈક ઉત્તેજના આવે, કંઈક રચનાત્મક કાર્ય થાય અને નવા જોમથી, નવા ઉત્સાહથી એ કાર્ય કરે જેથી કંપનીની પ્રોડક્ટમાં, વેંચાણમાં, ખરીદીમાં ફાયદો થાય તો આવી રીતે ઘણા બધા કન્સેપ્ટ આજના સમયમાં જોવા મળે છે. આજે પણ વેકેશનને ઘણા લોકોએ વ્યવસાય સાથે જોડી લીધું છે. લોકોને ખબર પડે છે કે એકાદ મહિનાનો જે સમય હોય છે એ સમયની અંદર આપણે કેવી રીતે આપણી આર્થિક સ્થિતિ ઊભી કરી શકીએ. એના માટે પણ વેકેશન પડે એ પહેલા નિત નવા કોર્ષ, શિબિરો, કાર્ય શિબિરોને ઘણા ક્લાસીસોની હારમાળાઓ શરૂ થતી જાય છે.

આપણે એ પણ સમજવું જોઈએ કે ઘણી બધી વસ્તુઓ બહુ જ ગંભીર હોય છે જેમ કે સંગીત, તેને શીખવા માટે, આત્મસાત કરવા માટે વર્ષોના વર્ષ લાગે એ વસ્તુને આપણે એક મહિનામાં કેવી રીતે શીખી શકીએ? એવી જ રીતે ડાન્સ હોય કે અન્ય કોઈ ભાષા હોય, જેમ કે આજે આપણા દેશની અંદર અંગ્રેજી ભાષા શીખવાનું, અંગ્રેજી ભાષામાં વાતચીત કરવાનો એક ક્રેજ છે. એક ભાષા પ્રત્યે લગાવ, લાગણી, પ્રેમ હોવો જરૂરી છે અને વિવિધ ભાષાઓ શીખવાથી જે તે ભાષા ઉપર વ્યક્તિને પ્રેમ ઉપજે એ બહુ જરૂરી છે. પરંતુ આજકાલ આપણે જોઈ શકીએ છીએ ઘણા બધા એડવર્ટાઈઝમેન્ટ લખેલા હોય છે કે એક મહિનાની અંદર ઈંગ્લીશ બોલતા શીખો તો શું એક મહિનાની અંદર કોઈ ભાષા શીખવી શકે છે? ઘણી ભાષાઓ કે જેનો માહોલ આપણી આંતરિક લાઈફમાં બહુ ઓછો છે. જો આપણે અહીં વાતાવરણ હોય અને રોજબરોજ આપણા ઘણા લોકો સાથે મળતા હોઈએ અને એ લોકો એ ભાષામાં વાત કરતા હોઈએ અને ત્યારે આપણે એ ભાષાની જરૂરિયાત સમજાય તો.

તો એવી રીતે ઘણી બધી વસ્તુઓ કે જે શોર્ટ ટાઈમમાં નથી શીખી શકાતી. તો એને એક સમયની જરૂર પડે છે, તો અત્યારે આપણે એવા યુગમાં રહ્યા જીવીએ છીએ કે જ્યાં બધી વસ્તુ ઉપલબ્ધ છે. માત્ર ને માત્ર એક જ વસ્તુની ઊણપ છે. હર એક માણસને જે વસ્તુની કમી છે એ છે સમય.

આજે આપણે એક આધુનિક યુગમાં જીવીએ છીએ ત્યારે દરેક વસ્તુ આપણે આપણી મુઠ્ઠીમાં કરી લીધી છે સિવાય કે સમય. તો માત્ર 30 થી 35 દિવસના સમયની અંદર જ્યારે વિદ્યાર્થીઓને કૂદાકૂદ કરવાનું, ધીંગા-મસ્તી કરવાનું અને ફેમિલી મેમ્બર સાથે મળવાનું અને એમની સાથે એમનો જે આ ગોલ્ડન પિરિયડ છે એક સુવર્ણમય સમય છે એનો ઉપયોગ કરવાનો છે ત્યારે આજના મા-બાપ છોકરાઓને આવી વસ્તુમાં પ્રોત્સાહન આપવાને બદલે, નવા નવા ક્લાસીસમાં મૂકવા પ્રેરતા હોય છે. એનો મતલબ એ છે કે એ લોકો પોતાની જવાબદારીમાંથી છટકી અને પોતાની પાસે જે બચત છે, પોતાની આર્થિક સ્થિતિ સધ્ધર છે એને સાબિત કરવા માટે છોકરાઓને આવા ક્લાસીસમાં મૂકતા હોય છે અને તેમને લેવા, મૂકવા આવવા માટે અને હોશે હોશે આ પ્રવૃત્તિ કરતા હોય છે ત્યારે ત્યારે એમની અંદર જે એક અહમ કે જે ઈગો છેકે પૈસાની ખર્ચ કરવાની ભાવના છે એ એમને સંતોષ આપતી હોય છે ત્યારે એમને ખુશી મળે છે, આનંદ મળે છે. પરંતુ જો આપણે વિદ્યાર્થીઓને અંગત રીતે પૂછીએ કે તમે લોકો તમારી મરજીથી અમુક ક્લાસો જોઈન્ટ કરો છો કે તમને દબાણ કરવામાં આવે છે ? ઘણી વખત એવું પણ થાય છે કે નાના નાના છોકરાઓ જે હાર્ડલી એલ.કે.જી, યુ,કે.જીમાં ભણતા હોય અને કાલી કેલી ભાષામાં વાત કરતા હોય એ લોકોને પણ કરાટે ક્લાસ, સ્કેટિંગના ક્લાસ, મેંદી ક્લાસ, કમ્પ્યુટર ક્લાસ, ડાન્સ ક્લાસ,એક્ટિંગ ક્લાસ, સંગીત ક્લાસ વગેરે વગેરેમાં મૂકવાથી. અહીંયા કોઈ હેતુ સાર્થક થતો જણાતો નથી.

પરંતુ હા એક વસ્તુ ખરી કે એ છોકરાઓ આ સમય દરમિયાન અલગ અલગ બે થી ત્રણ ક્લાસ જોઈન કરે તો દિવસનો મોટાભાગનો સમય એ છોકરાઓ ક્લાસમાં ગાળી નાખતાં હોય છે.પરિણામે વાલીઓને પોતાના છોકરાઓને સાચવવાની, સંભાળવાની કે ઉછેરવાની જે જરૂરી ફરજ છે એ ફરજમાં એ લોકો ઊણા ઉતરતા હોય છે અને એ ખાલી વિદ્યાર્થીઓને પોતાના બાળકોને સાધન સગવડ પૂરું પાડે અને પોતાની ફરજ નિભાવતા હોય છે અને પોતાની ફરજ સારી રીતે નિભાવી છે તેનો સંતોષ માનતા હોય છે પરંતુ ક્યારે પણ કોઈ વિદ્યાર્થી વાલી પોતાના બાળકને પૂછતું નથી કે બેટા તને કેવી પ્રવૃત્તિમાં રસ છે? શું તારી પાસે એટલા ઘટસ એટલે કે શક્તિ છે કે તું એક મહિનાની અંદર આ બધા ક્લાસમાં પરફેક્ટ શીખી સકીશ. તો આવી બધી પ્રવૃત્તિઓ આપણા દેશની અંદર થઈ રહી છે ત્યારે આપણે એ સમજવું જોઈએ કે દરેક પ્રવૃત્તિ પાછળ બંને પક્ષે વિદ્યાર્થી પક્ષે અને સામે પક્ષે વાલી પક્ષે તથા અત્યારે જે સામે પક્ષે મોટા મોટા ક્લાસીસો શરૂ થઈ રહ્યા છે એ બે વચ્ચે લાગણીઓનું આદાન-પ્રદાન કેટલું?

એક સમય હતો કે જ્યારે વેકેશન પડે તો બાળકો પોતાના મામાના ઘરે જતા. પોતાના નાના, નાની ને ત્યાં રોકાતા તો એક કુટુંબના સંસ્કારો લક્ષણો અને લાગણીઓનું આદાન-પ્રદાન બીજા કુટુંબના સંસ્કારો સાથે થતું અને એ કુટુંબના લોકો એકબીજા સાથે લાગણીના તંતુથી જોડાતા જ્યારે આજે આ બધી વસ્તુઓની જગ્યાએ માઈન્ડ (મગજ) બુદ્ધિએ લઈ લીધું છે

**(અનુસંધાન પેજ નં. 27 પર)**

# ભાગ્યને અભ્યાસથી વધારો

## બ્ર.કુ. અનુજભાઈ, દિલ્હી

જ્યારે આપણે સ્વયંને આધ્યાત્મિકતાના પથ પર ચલાવીએ છીએ. તો એક નાનો સંકલ્પ જરૂર ચાલે છે કે એવી કઈ ખામી છે જે આટલા સમયથી અહીં રહેવા છતાં વચ્ચે વચ્ચે નર્વસનેસની અનુભૂતિ થાય છે. યા મન તેમાં પૂરી રીતે જોડાતું નથી. ક્યારેક મનમાં એવું થાય છે કે કંઈક નવું કરીએ. તો આ દુનિયાની સૌથી મોટી ખાસ વાત છે, જેના પર આપણે બહુ વિચારવાની અને મનન કરવાની જરૂરિયાત છે. ભાગ્ય મળવું એ મોટી વાત નથી પણ એ ભાગ્યને રીઝર્વ કરવું એ મોટી વાત છે. રીઝર્વનો હેતુ છે તેની દેખભાળ કરવી, એને વારંવાર વિકસિત કરી તેનું ધ્યાન રાખવું. એને જો આધ્યાત્મિકતાની શક્તિ રૂપે જોઈએ તો જ્યારે આપણે કોઈ ચીજને ઊંડાણથી જાણીએ છીએ. તો એની પાછળ આપણે પડવું પડે છે. મતલબ કે એના ઊંડાણમાં જઈએ જેમ કે પૈસા મળે છે તો જેટલા આપણે વધારે ઈન્વેસ્ટ કરીએ છીએ એટલા તે વધતા જ રહે છે. તે રીતે આધ્યાત્મિક જ્ઞાનમાં પણ એ ચીજને અલગ અલગ કાર્યોમાં લગાવીએ છીએ તો તેની વૃદ્ધિ થાય છે. આ થઈ એક તરફની વાત. પરંતુ બીજી વાત પણ એમાં શામિલ છે તેનો વચ્ચે વચ્ચે અભ્યાસ કરવો પણ જરૂરી છે. ક્યા પ્રકારનો અભ્યાસ? જે આપણને યાદ અપાવે કે આ ચીજ આપ છો. અને એ ચીજ માટે જ તમે અહીં આવ્યા છો. તો જેવી રીતે આપણને પરમાત્માએ લક્ષ્ય આપ્યું છે કે આપ પરમાત્માનાં બાળકો છો. પરમાત્માની શક્તિ. આપની પાસે છે. પરમાત્મા હંમેશાં આપને મદદ કરી રહ્યા છે. આ બધી વાતો સ્વયંને વારંવાર યાદ અપાવવાથી આ શક્તિઓ વૃદ્ધિને પામે છે. જેટલી શક્તિઓ વધે છે તેટલી ખુશી પણ વધે છે. જો થોડી પણ ખુશી ચાલી જાય તો સમજવું જોઈએ કે આપણે આ અભ્યાસને ઘટાડી દીધો છે. આ વાતને આપણે બહુ ધ્યાનથી સમજીએ કે જ્યારે આપણે કોઈ એવા વાતાવરણમાં રહીએ છીએ જ્યાં આધ્યાત્મિકતાની જ બોલબાલા છે. ત્યાં નિરંતર એવા જ લોકો વસે છે. જો આવા સ્થાનમાં પણ નાની નાની વાતોમાં પરેશાની થઈ જાય છે. એનો મતલબ એ કે આપનો અભ્યાસ સતત ચાલુ નથી. તો અભ્યાસને નિરંતર કરવો બહુ જરૂરી છે. જેટલો અભ્યાસ વધારીશું. તેટલું આપણામાં હલકાપણું આવશે. જ્યાં બધા લોકો સારા અભ્યાસી છે ત્યાં એ યાદ નહીં આવશે કે મારે આ કરવાનું છે. આપ બાબાના ઘેર રહી રહ્યા છો તો આપને એવું લાગશે નહીં કે મારે કંઈક કરવાનું છે. મને યાદ રહે કે મારે નાના બાળકની જેમ અભ્યાસ કરવાનો છે. એનાથી આપના જીવનમાં જ્ઞાનની શરૂઆતના દિવસોનો નિખાર આવશે.

॥ ઓમશાંતિ ॥

- **સદા ખુશીમાં ઝૂલનારા, સર્વના વિઘ્નહર્તા યા સર્વની મુશ્કેલીઓને દૂર કરનારા ત્યારે બનશો જ્યારે સંકલ્પોમાં દૃઢતા અને ડબલ લાઈટ હશે.**
- **સદા ખુશીમાં રહીશું તો નિશ્ચિંત રહીશું.**

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

# સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલીના વિભાગમાં જુન – ૨૦૨૪ માસની શબ્દાવલી ભાગ – ૪૩ના જવાબો આ સાથે છે. જ્ઞાનના ચિંતનના આધારે તમારા જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. સંગમયુગની શબ્દાવલી ભાગ – ૪૪ અહીં પ્રસ્તુત છે. જેની આડી–ઉભી ચાવીઓ ભરશો. તમને આવતાં ઓગષ્ટ – ૨૦૨૪ના અંકમાં સંગમયુગની શબ્દાવલી ભાગ – ૪૪ના જવાબો મળશે.

## સંગમયુગની શબ્દાવલી ભાગ - ૪૪

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | | 3 | ■ | 4 | 5 | | 6 | 7 |
| 8 | | ■ | 9 | | | | ■ | 10 | |
| 11 | | | ■ | ■ | | ■ | ■ | 12 | ■ |
| 13 | | ■ | 14 | | | 15 | 16 | | |
| ■ | ■ | 17 | | ■ | ■ | 18 | | ■ | ■ |
| 19 | | | | ■ | ■ | 20 | | | ■ |
| | ■ | | ■ | ■ | 21 | | | ■ | 22 |
| | ■ | ■ | 23 | 24 | | | ■ | 25 | |
| 26 | 27 | ■ | 28 | | | ■ | 29 | | |
| 30 | | | | ■ | | ■ | ■ | 31 | |

### શબ્દાવલી ભાગ - ૪૩ ના જવાબોવાળું કોષ્ટક

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 જુ | 2 ન | ■ | 3 સ | 4 ર | 5 સ્વ | 6 તી | ■ | 7 રા | 8 ધે |
| 9 લા | ય | 10 ક | ■ | 11 જ | જ | જ | ■ | ■ | નુ |
| 12 ઈ | ન | ડો | 13 ર | ■ | 14 ન | રી | ફ | 15 અ | ■ |
| ■ | ■ | 16 દ | મ | ણ | ■ | ક | ■ | 17 સ | ચ |
| 18 દિ | ન | રા | ત | ■ | 19 ય | થા | 20 શ | ક્તિ | ■ |
| ક | ■ | ■ | ■ | 21 ખુ | શ | ■ | બ | ■ | 22 સ |
| 23 રી | 24 ય | લ | ■ | શ | ■ | 25 પ | રી | 26 વા | ર |
| ■ | જ્ઞ | ■ | 27 સો | ન | પ | રી | ■ | 28 ક | લા |
| 29 ક | મા | 30 લ | ■ | સી | ■ | 31 જા | 32 ગ | ■ | દી |
| ■ | તા | ત | ■ | બ | ■ | 34 દા | દા | દા | દી |

**આડી ચાવીઓ**

૧. યજ્ઞના કંટ્રોલર (૪)
૪. લૌકિક નામ ગોપી હતું તેમનું અલૌકિક નામ (૫)
૮. જુના શબ્દનો વિરોધી શબ્દ આપો (૨)
૯. ધનવાન (૪)
૧૦. ..... – રાજેશ્વરી (૨)
૧૧. વાઈફ શબ્દ લખો (૩)
૧૨. ૧૦૦ના અંકને શબ્દોમાં લખો (૧)
૧૬. સાબુની એક કંપની (૨)
૧૪. બડીદીદીનું શ્લોગન (૭)
૧૭. ..... નું કિરણ (૨)
૧૮. લીલા રંગનું કઠોળ (૨)
૧૯. પઢે કે આગે ..... ભરી ઢોયેંગે (૪)
૨૦. ઉનાળામાં ...... લાગે (૩)
૨૧. હોશીયાર (૩)
૨૩. તળાવ (૪)
૨૫. ..... ના મણકા (૨)
૨૬. કરતે ચલો સબકા ..... (૨)
૨૮. હબચ (૩)
૨૯. કોમળ (૩)
૩૦. ગુજરાતનું એક શહેર (૪)
૩૧. નમેલું માથું એટલે ..... મસ્તક (૨)

**ઊભી ચાવીઓ**

૧. ..... રે જીને કા સહારા (૪)
૨. દિવ્ય શબ્દનો અંગ્રેજી અર્થ (૪)
૩. ડાયરેક્શન, સાઈડ (૨)
૪. ઘરકામ શબ્દને ઉંધો લખો (૪)
૫. ..... સે નારાયણ (૨)
૬. સતયુગમાં .....ની ખાણ (૪)
૭. પોતાનું, સ્વંયમનું (૨)
૧૪. ગુજરાતી કેલેન્ડરમાં આઠમો મહિનો (૩)
૧૫. ખેલાડી (૫)
૧૬. વ્રતના દિવસે ..... પણ થાય (૪)
૧૭. એ તો ..... ઉપરવાળાની ઈચ્છા (૩)
૧૯. એક વરદાન (૫)
૨૧. ભાષણ (૪)
૨૨. ગૌરી વ્રત (૪)
૨૩. કાચું કચુંબરને ..... કહેવાય (૩)
૨૪. પાર્ટ, ખેલ (૨)
૨૫. મધુબનની એક વિશિષ્ઠ મિઠાઈ (૩)
૨૭. રાતો રંગ (૨)



પાસોદરામાં 'વિશ્વ પર્યાવરણ દિવસે' બ્રહ્માવત્સોને છોડનું અર્પણ કરી જતનનો સંકલ્પ કર્યા બાદ સમૂહચિત્રમાં બ્ર.કુ. હર્ષાબેન.



અમદાવાદ વટવામાં 'પર્યાવરણ દિવસ'ના ઉપલક્ષ્યમાં આદરણીય સરલાદીદીજીની પાંચમી પુણ્યતીથીએ બ્રહ્માવત્સોને ફળ-ફુલનો છોડ આપી શ્રાંજલિ આપ્યા બાદ સમૂહચિત્રમાં બ્ર.કુ. તારાબેન.




બાલાગામમાં 'ડીવાઈન સમય કેમ્પ'નો શુભારંભ કરતાં સરપંચ ભગિની ધીરજબા, એમ.કે. હાઈસ્કુલના પૂર્વ આચાર્ય ભ્રાતા સાજણભાઈ વાળા, બ્ર.કુ. ગીતાબેન અને બ્ર.કુ. અલ્પાબેન.



ઉંમરગામમાં 'બાળ વ્યક્તિત્વ વિકાસ શિબિર'માં આયોજિત ચિત્ર સ્પર્ધામાં ભાગ લેનાર બાળકો સાથે બ્ર.કુ. ચેતનાબેન, બ્ર.કુ. કેતકીબેન, બ્ર.કુ. જીગીશાબેન, બ્ર.કુ. સુનિતાબેન.



પડધરીમાં 'કિડ્ઝ કેમ્પ' દરમ્યાન 'વિશ્વ પરિવાર દિવસ'ના થીમ પર ચિત્ર સ્પર્ધામાં ભાગ લેનાર બાળકો બ્ર.કુ. જીજ્ઞાબેન, બ્ર.કુ. શીલુબેન.



અમદાવાદ ચાંદખેડા સેવાકેન્દ્ર પર 'કિડ્ઝ મેગા સમય કેમ્પ'ના કાર્યક્રમમાં ભાગ લેનાર બાળવૃંદ સાથે બ્ર.કુ. સંગીતાબેન.



આહવામાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આયોજિત 'સમર કેમ્પ યોગ'માં બ્ર.કુ. ઈનાબેન બાળકોને મૂલ્ય શિક્ષણનું મહત્વ સમજાવતાં.



ગોધરામાં 'બાળ વ્યક્ત્વિ વિકાસ શિબિર'માં બાળકોને ઈનામ વિતરણ કર્યા બાદ બાળકો સાથે બ્ર.કુ. સુરેખાબેન, બ્ર.કુ. ઈલાબેન.

**Gyan Amrit** Vol.17 | Issue 07 | July 2024 | Retail Price - 15/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2023-2025 Vaild up to 31st December-2025 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/NG/109/2023-2025 valid up to 31st December 2025, permitted to post at Ahmedabad PSO on 4th of every month.




રાજકોટ હેપ્પી વિલેજ રીટ્રીટ ખાતે 'આંતરરાષ્ટ્રીય નર્સ ડે'ની ઉજવણીના ભાગ રૂપે PDU હોસ્પીટલના સ્ટાફ નર્સ આશાબેન ભટ્ટીને ઈશ્વરીય સૌગાત આપતાં રાજયોગિની ભારતીદીદી બાજુમાં બ્ર.કુ. અંજુબેન.



વલસાડમાં 'ધી લાઈટ' મુવીના સ્ક્રીનીંગનું રીબીન કાપી ઉદ્‌ઘાટન કરતાં વલસાડ ચેમ્બર ઑફ કોમર્સના પ્રમુખ ભ્રાતા કાળુભાઈ ચોખલીયા, ફુડ અને ડ્રગ્સ વિભાગના મદદનીશ ડૉ. એ.એચ.ઝાલા, બ્ર.કુ. રંજનબેન તથા અન્ય બ્ર.કુ. બહેનો.



અમદાવાદ કાંકરીયા ખાતે 'ધી લાઈટ' ફિલ્મ શૉના પ્રમોશન સમયે પોસ્ટર રીલીઝ કરતાં બ્ર.કુ. નેહાબેન, બ્ર.કુ. અમરબેન, ગીતામંદિરના સ્વામી ધર્મેશગીરીજી, સ્વામી રેવનદાસજી, NCBના એડીશનલ ડાયરેક્ટર કેતન બાલીરામ પાટીલ IPS, રતન ઑરથોપેડીક હોસ્પીટલના ડૉ. બિપિનભાઈ, ડૉ. દર્પણાબેન, ગાયનેક ડૉ. ચૈતન્યભાઈ, ડૉ. ગીતાબેન, અન્ય બ્ર.કુ. બહેનો.



સુરત કામરેજ 'વિશ્વ નેત્ર દિવસ'ના ઉપલક્ષ્યમાં આયોજીત કાર્યક્રમનું ઉદ્‌ઘાટનમાં હોમગાર્ડના કમાન્ડન્ટ ભ્રાતા પ્રફુલ્લભાઈ શિરોયા, રેડક્રોસના વાઈસ ચેરમેન ભ્રાતા દિનેશભાઈ જોગાણી, આઝાદ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ભ્રાતા હિતેશગીરી, કામરેજ તાલુકા પંચાયતના પ્રમુખ રેખાબેન, પંચાયતના સભ્ય રમેશભાઈ, BJP તાલુકા પ્રમુખ બળવંતભાઈ પટેલ, બ્ર.કુ. રીમાબેન.



સુરત વેલંજામાં 'વિશ્વ પર્યાવરણ દિને' વૃક્ષારોપણ જાગૃતિ કાર્યક્રમમાં હરિદર્શન શાળાના ટ્રસ્ટી ભ્રાતા સુધીરભાઈ, ગ્રીન આર્મી સંસ્થાના ભ્રાતા તુલસીભાઈ માંગુકીયા, આનંદ વાટીકા સમાજના સેવક ભ્રાતા કિશોરભાઈ, હરેકૃષ્ણ વિદ્યાલયના આચાર્ય દિપ્તીબેન, સાથે બ્ર.કુ. ફાલ્ગુનીબેન તથા બ્રહમાવત્સો.




કેશોદમાં 'ડીવાઈન સમર કેમ્પ'ના ઉદ્‌ઘાટનમાં ધારાસભ્ય ભ્રાતા દેવાભાઈ માલમ, ડૉ. તન્નાભાઈ, જીલ્લા શિક્ષિણ અધિકારી ભ્રાતા રમેશભાઈ સાથે બ્ર.કુ. રૂપાબેન તથા બ્રહ્માકુમાર ભાઈઓ.

**If Undelivered Please Return to Publishing Place :**
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

**Publisher : Bharti Ranchhoddas Somaiya**
Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com